मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


શાહ ધ[illegible]જીભાઈ પ્રેમચંદ

ચાહ, [illegible], પીપરમેંટ તથા

[illegible]


ज्ञान

ज्ञानक्रियाभ्यां मोक्षः

सि सा अ आ उ

सम्यग्ज्ञानं परमनिधानं

श्री जैनधर्म प्रसारक सभा.


પુસ્તક ૬૩ મું — અંક ૮ મો

જયેષ્ઠ

ઇ. સ. ૧૯૪૭ — ૨૧ મે

વીર સં. ૨૪૭૩ — વિક્રમ સં. ૨૦૦૩

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

| પુસ્તક ૬૩ મું<br>અંક ૮ મો | જ્યેષ્ઠ | વીર સં. ૨૪૭૩<br>વિ. સં. ૨૦૦૩ |
|---|---|---|

## अनुक्रमणिका


૧. શ્રી તારંગા તીર્થાધિરાજ સ્તવન ... (મુનિરાજશ્રી વિનયવિજયજી) ૧૭૭
૨. વૈરાગ્ય-બોધ ... ... ... (મગનલાલ મોતીચંદ શાહ) ૧૭૮
૩. सताने में सुख न मानो ... ... (રાજમલ ભંડારી) ૧૭૯
૪. ચેતશો ક્યારે? ... ... ...(અમરચંદ માવજી શાહ) ૧૮૦
૫. શ્રી સંભવનાથ જિન સ્તવન ... (મુનિશ્રી જયાનંદવિજયજી) ૧૮૦
૬. આત્મા દેહવ્યાપી શા માટે? (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૧૮૧
૭. ધર્માધર્મવ્યવસ્થા ... ... (મુનિરાજશ્રી ધુરંધરવિજયજી) ૧૮૪
૮. सत्संग ... ... ... ... (રાજમલ ભંડારી) ૧૮૬
૯. વ્યવહારકૌશલ્ય : ૪ (૨૬૧-૨૬૪) ... ... (મૌક્તિક) ૧૮૭
૧૦. અધ્યાત્મ શ્રીપાલ ચરિત્ર : ૬ ... ... ... (ચોકસી) ૧૯૧
૧૧. ઉપદેશક દુહા ... ... ... ... ... ... ... ૧૯૩
૧૨. हमारा चूर्णि साहित्य ... ... ... (અગરચંદજી નાહટા) ૧૯૪
૧૩. સાત નયની દૃષ્ટાંતરૂપે ઘટના ... (મુનિરાજશ્રી પુણ્યવિજયજી) ૧૯૮
૧૪. યોગાવંચક, ક્રિયાવંચક ને ફલાવંચક: ૨
(ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S.) ૨૦૧
૧૫. અપીલ. ટા. પે. ૩


### નવા સભાસદો

૧. ધુપેલીયા જયન્તીલાલ મણિલાલ — લાઇફમેમ્બર — સાન્તાક્રુઝ
૨. શાહ જેચંદ ભવાન — વાર્ષિક મેમ્બર — વરલ

**પ્રવચન**—શ્રીયુત મોતીચંદભાઇ ગિરધરલાલ કાપડિયા, સોલિસિટર અત્રે આવતાં, તેમનો લાભ લેવા અત્રેની શ્રી વિજયધર્મ પ્રકાશક સભાએ વૈશાખ વદિ ૨ ને બુધવારના રોજ રાત્રિના આપણી સભાના વિશાળ હોલમાં "જૈન સમાજ અને ભાવનગર" એ વિષય પર જાહેર પ્રવચન યોજ્યું હતું જે સમયે શ્રીયુત મોતીચંદભાઇએ પોતાની લાક્ષણિક અને સુંદર ઢબથી વિષયની સુંદર છણાવટ કરી હતી.

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૩ મું.
અંક ૮ મો.

: જ્યેષ્ઠ :

વીર સં. ૨૪૭૩
વિ. સં. ૨૦૦૩


## શ્રી તારંગા તીર્થાધિરાજ સ્તવન

( માંકો મણીયો ખબરદાર માંકી લાડીજી હોંશિયાર—એ રાગ )

તમે છો અજિતનાથ મહારાજ; વિનતિ સુણો મારી આજ. ( ટેક )

વિનતિ મારી ઊરમાં ધારો, મહેર કરી મહારાજ;
સેવક શરણે આવ્યા તુમારે, કરશો તેનાં કાજ—તમે છો. ( ૧ )

જિતશત્રુ પિતા કુળ જન્મી, તાર્યાં લોક અનંત;
મુજ પામર પ્રાણીને તારો, ભયભંજન ભગવંત.—તમે છો. ( ૨ )

ગુણ ગણ્યા નહિ કોઇએ જાવે, ઇંદ્ર મૂકે માન;
એવા પ્રભુને ભાવે ભજતાં, મટે ચોરાશી ખાણ—તમે છો. ( ૩ )

દ્વિતીય તીર્થંકરકેરું, ધરો અહોનિશ ધ્યાન;
કપટરૂપી માયા છોડો, છોડો મમતા માન—તમે છો. ( ૪ )

કંચન વરણ ને હસ્તિ લંછન, બિરાજો તારંગા ધામ;
સૂરિ વિજયવલ્લભ પસાયે, **વિનય** ધરે તુમ ધ્યાન—તમે છો. ( ૫ )

મુનિરાજ શ્રી વિનયવિજયજી.

# વૈરાગ્ય—બોધ.

લક્ષ્મી જે દુઃખ વ્યાપી અતિ, તૃણ જળ ટીપાં સમી જિંદગી છે,
સ્ત્રી સ્વાર્થે પૂર્ણ છે, સર્પ વિષ સરખી ઇચ્છા બધી કામની છે;
કાયા કાચો ઘડો, યૌવન ધન ચળ છે જે સ્વભાવે કરીને,
આ જાણી સંત સાધે, સહજ સ્થિર મને શુદ્ધ ભાવે રમીને. ૧

રે! આત્મા તન પ્રાપ્ત દુઃખ ખમતાં, ના ખેદ તું પામતો,
આજે છે વશ દેહ તું પરવશે, જે ના ફરી જાણતો;
જે દુઃખો ખમતા જ માનવ ભવે, તે સાધ્યને જાણતા,
આ દુઃખો ગતિ અન્યથી જ ખમતાં, લાભો ન તે પામતા. ૨

સચ્ચારિત્ર સુરમ્ય કાષ્ઠરચિત, શીલ ધ્વજે શોભતું,
ગુર્વાજ્ઞા ગુણ દોરથી દઢ થતું સદ્બોધથી રાજતું;
અજ્ઞાનાશ્રિત દેહ નાવ મળતાં, સંસાર મોહાગરે;
ભેદાયે ન કદાપિ સ્ત્રી સ્તન તટે, આઘાતથી તો તરે. ૩

રે! રે! જીવ વિચાર શાંત હૃદયે, આવી જ ચેષ્ટા કરે,
જન્મ્યો જે અતિ ગુહ્ય દુઃખ સ્થળમાં, આસક્તિ તેમાં ધરે;
કીધાં જ્યાં સ્તનપાન દુગ્ધ મધુરાં, તેનું જ મર્દન કરે,
આવાં હે અતિ મૂઢ! કાર્ય કરતાં, વૈરાગ્ય કાં ના ધરે? ૪

રે! છે આ નશ્વર તન છતાં, ચિત્ત સ્ત્રીમાં રહે છે,
કાળે ઘેર્યું જીવન સહુનું, વાયુ વેગે વહે છે;
છે દુઃખો પ્રાપ્તિ ધન કરણે, યૌવનો બે ઘડીનાં,
એ છે આશ્ચર્ય! જન ભય સંસાર પામે જરી ના. ૫

ક્ષણિક સુખ પ્રત્યાગી, શાંતિ સૌખ્ય ધરો ને,
ભવ વિરમણ પામી, મુક્તિ માર્ગે વહો ને;
વિષય વિષ વિરામી, જ્ઞાન સંગે રમો ને,
અમિત ગતિ નિવાસો, જે વડે મેળવો ને. ૬

ભવભોગ શરીરના, જીતવા કર્મ શત્રુને;
સદા વૈરાગ્યને સેવે, પંડિતો આત્મબુદ્ધિથી. ૭

દઢ વૈરાગ્ય ભાવના, જે ભાવે વૃદ્ધિ પામતી,
કરો સેવન તેનું જ, મન વચન કાયથી. ૮

મગનલાલ મોતીચંદ શાહ—વઢવાણ કેમ્પ

# सताने में न सुख मानो !

सताते हैं जो औरोंको, सताये वह भी जाते हैं।
दुःखाते दिल जो प्राणीका, वो हानिको उठाते हैं॥ १॥
सरासर सामने अनुभव, बताता है यही हमको।
जुलम की म्याद ढुंकी है, निकट वो मौत लाते हैं॥ २॥
निराला न्याय कुदरतका, नहीं अनभिज्ञ वो जाने।
श्रद्धा बलवान है जीनकी, वही निश्चय बताते हैं॥ ३॥
जीन्होंने धर्मको समझा, हुवे समदृष्टि वो जगमें।
धर्म ढोंगी नहीं जाके, वो दान वही कहाते हैं॥ ४॥
दीखाने जगको वे करते, बड़े करतव्यकी बातें।
लखो चारित्र जब उनका, करमको वो छीपाते हैं॥ ५॥
छीपाये छीप नहीं सकते, करम बलवान है जगमें।
करो गुपचुप मगर वह तो, प्रगट हो बाहर आते हैं॥ ६॥
सतानेका बनाया ध्येय, जीसने अपने जीवनमें।
जगतकी दृष्टि से वो जन, सदा धिक्कारे जाते हैं॥ ७॥
हुइ है प्राप्त सत्ता जो, उसे सद्भाग्य ही समझो।
क्रिया उपयोग अनुचित तो, वही फिटकारे जाते हैं॥ ८॥
सत्ताधारी की सत्ता भी, न चलने दी है कुदरतने।
बड़ा करके उस मानव को, वही नीचे गीराते हैं॥ ९॥
इसी कारण सताना है, नहीं परको कभी अच्छा।
सताने से सताये के, कटु फल भोगे जाते हैं॥ १०॥
हुवे कुछ पुन्य पोते तो, नहीं मालुम हो यहां पर।
भविष्य में उसके बदले तो, चुकाये अवश्य जाते हैं॥ ११॥
विनय है आत्म ! यह तुमसे, सताने में न सुख मानो।
समझते आत्मवत् सबको, वही सज्जन कहाते हैं॥ १२॥

राजमल भंडारी-आगर( मालवा )

## ચેતશો ક્યારે ?

કર્યો વેપાર ભવ આખો, કમાયા હો ભલે લાખો;
હવે સંતોષ કંઇ રાખી, તમે તો ચેતશો ક્યારે ? ૧
બનાવ્યા બંગલા વાડી, વસાવી મોટરો ગાડી;
બેઠો અરે ! કાળ મોં ફાડી, તમે તો ચેતશો ક્યારે ? ૨
યુવાની જાય છે ચાલી, ભલે દેખાય તે ફાલી;
જીવન તો થાય છે ખાલી, તમે તો ચેતશો ક્યારે ? ૩
વહ્યું વેપારમાં જીવન, અને વ્યવહારમાં કવન;
રૂંધાશે પલકમાં પવન, તમે તો ચેતશો ક્યારે ? ૪
તમારાં સાધ્યની દૃષ્ટિ, તમે માની લીધી સૃષ્ટિ;
ફોગટ કરી કર્મની વૃષ્ટિ, તમે તો ચેતશો ક્યારે ? ૫
તમારાં જીવનનું સાર્થક, ઐહિક સુખનાં થઇ સાધક;
વિતાવ્યું જીવન નિરર્થક, તમે તો ચેતશો ક્યારે ? ૬
ન આવે કાંઇ પણ સાથે, બધાં જાયે ખુલ્લાં હાથે;
મરણ ભય છે સદા માથે, તમે તો ચેતશો ક્યારે ? ૭
તમારાં સ્વરૂપને જાણી, કરી ધર્મ દાનથી લ્હાણી;
શિયળ–તપ–ભાવ પિછાણી, 'અમર' ધર્મ પામશો ક્યારે ? ૮

**અમરચંદ માવજી શાહ**

## શ્રી સંભવનાથ જિનસ્તવન

( રક્ત ટપકતી સૌ સૌ ઝોળીને મળતો રાગ. )

સંભવ ભવના વ્યાધિ હરે, એના દર્શનથી દિલ ઠરે
ત્રીજા જિનવર ત્રિકરણ યોગે યોગી બની વિચરે,
ત્રિવિધ કષ્ટને કાપી સ્થાપે શાસન તેજે ઝળકે;
જેની સેવા સુન્દર ફલે ભવ્યો ભવસાયર નિસ્તરે,
સંભવ ભવના વ્યાધિ હરે કે એના દર્શનથી દિલ ઠરે. ૧
નામ સ્મરણથી મરણ ન આવે ફરી ફરી ભવના ન ફરે,
ચેતન ચિદ્દઘન કે તન શાશ્વત સિદ્ધિ નિકેતન ધરે;
તેના કર્મ કઠિન સવિ ટલે, અવિચલ શાંતિ આવી મળે. સંભવ૦ ૨
એ સ્વામીના ગુણ ગણ રટતી રસના રસ ના વિસરે,
મધુરા મધુરા વચનો વદતી સકલ વિશ્વ વશ કરે;
એને જીભનો રસ ના ઝરે એ તો અફર સત્ય ઉચરે. સંભવ૦ ૩
કાયા કર જોડીને વંદન કરે પાયમાં પડે,
પ્રભુને પૂજી પાપ પ્રજાળે, તાપ સંતાપને હરે;
માયા મમતા દૂરે કરે કે કંચનવર્ણી એ મન હરે. સંભવ૦ ૪
ત્રિવિધકરણ એ નિર્મળ કરવા તરવા ભવજળ ખરે,
નેમિ સૂરીશ્વર વચનો સમજી દર્શનસૂરિવર વરે;
જયાનન્દ દુઃખથી કદી નવ ડરે કે સત્વર શિવસુખ સ્હેજે વરે. સં૦ ૫

**મુનિશ્રી જયાનંદવિજયજી**

# આત્મા દેહવ્યાપી શામાટે ?

આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જે પદાર્થનો ગુણ જે સ્થળે જણાય તે જ સ્થળે તે પદાર્થ હોઇ શકે છે, પણ ગુણ વગરના સ્થળે ગુણી રહી શકતો નથી. જેમકે જે સ્થળે મીઠાશ હોય ત્યાં જ સાકર પણ રહેલી છે. પણ મીઠાશ ભિન્ન દેશમાં હોય અને સાકર ભિન્ન દેશમાં હોય તે બની શકતું નથી. એવી જ રીતે આત્માના ચૈતન્ય આદિ ગુણો શરીરમાં જ જણાય છે માટે આત્મા પણ શરીરમાં ઉપરની ચામડી સુધી ફેલાઇને રહેલો છે; પણ આખા ય વિશ્વમાં ફેલાઈને રહેલો નથી; કારણ કે આત્માના ચૈતન્ય આદિ ગુણો દેહને છોડીને જગતના કોઇ પણ સ્થળે દેખાતા નથી, પણ દેહમાં જ અનુભવાય છે; માટે આત્મા દેહવ્યાપી છે. જો કે ફૂલની સુગંધી નાકે અડાડ્યા વગર પણ ઘણે જ છેટે રહેલા ફૂલમાંથી આવે છે, અર્થાત્ જે સ્થળે ફૂલ હોય છે તેનાથી બીજે સ્થળે કે જ્યાં ફૂલ હોતું નથી ત્યાં ગંધગુણ રહે છે, તેથી કાંઇ ગુણ–ગુણીના સંબંધમાં બાધ આવતો નથી; કારણ કે ગંધગુણ જેમાં રહેલો છે એવા ફૂલના આશ્રયમાં રહેવાવાળા પુદ્ગલો પોતાની મેળે અથવા તો પવનની પ્રેરણાથી ફૂલમાંથી નીકળીને નાકે અડે છે જેથી માણસને સુગંધી આવે છે, અને જ્યાં ગંધગુણ છે ત્યાં ગુણીરૂપ પુદ્ગલો અવશ્ય હોય જ છે. ગુણીને છોડીને એકલો ગુણ રહી શકે જ નહિં અને એટલા માટે જ ગંધગુણના આધારભૂત પુદ્ગલો અને પુષ્પ બંને ભિન્ન દ્રવ્યો હોવાથી તેમનો સંયોગસંબંધ છે, કારણ કે દ્રવ્યોનો પરસ્પર સંયોગસંબંધ હોય છે અને દ્રવ્ય તથા ગુણનો સ્વરૂપસંબંધ હોય છે. સંયોગસંબંધવાળાં દ્રવ્યો એક-બીજાથી છૂટાં પડી શકે છે પણ સ્વરૂપસંબંધવાળા ગુણ–ગુણી છૂટા પડી શકતા નથી તેમજ રહી પણ શકતા નથી. તેનો અનુભવ આપણને પ્રત્યક્ષ થાય છે. કેવડો, ગુલાબ, મોગરો વગેરેનું અત્તર કાઢવામાં આવે તેમાં કેવડા આદિની સુગંધ હોય છે પણ પુષ્પ હોતું નથી. અત્તર કાઢ્યા પછી કેવડા આદિ પુષ્પો નિર્ગંધ બનેલાં જણાય છે અને તેમાં રહેલી ગંધ અત્તરમાં આવે છે તે સ્પષ્ટ બતાવી આપે છે કે કેવડા આદિમાં રહેલ ગંધનાં પુદ્ગલો પ્રયોગોદ્વારા તેમાંથી નીકળીને તેલદ્રવ્યની સાથે સંયોગસંબંધથી ભળી ગયેલાં હોય છે. પણ મીઠાશ હોય અને સાકરનો કૈણુ ન હોય એમ બની શકતું નથી તેમ ગંધ હોય અને ગંધનું ગુણી પુદ્ગલ ન હોય તે બનવું અસંભવિત છે.

સંસારમાં માનવીમાત્રને સુખ-દુઃખ–બુદ્ધિ–ઇચ્છા–દ્વેષ–પ્રયત્ન આદિ શરીરમાં જણા-વાથી આત્મા પ્રત્યક્ષ પણ ત્યાં જ થાય છે. અત્યાર સુધીમાં કોઇ પણ અલ્પજ્ઞ–નિરતિશયી જ્ઞાનવાળા જીવને જેમ જીવ વગરનાં વિવિધ પ્રકારનાં શરીરો જણાય છે તેમ દેહ વગરનો આત્મા ક્યાં ય પણ જણાયો નથી, માટે બુદ્ધિપૂર્વક વિચાર કરીએ તો આત્મા દેહમાં ઉપરની ચામડી સુધી ફેલાયેલો જણાય છે. તે સિવાય તો ક્યાંય પણ આત્માનું ચિહ્ન સરખું ય જણાતું નથી. શરીર પાંચ પ્રકારનાં છે: ઔદારિક-વૈક્રિય–આહારક–તૈજસ અને કાર્મણ. જેમ વડના ઝાડનું બીજ કે જેમાં આખોય વડ હોય છે તે કારણ અને વડનું

ઝાડ કાર્ય કહેવાય છે તેમ આ પાંચ પ્રકારનાં શરીરમાંથી તૈજસ અને કાર્મણ બંને કારણશરીર છે અને બાકીનાં ઔદારિક, વૈક્રિય અને આહારક કાર્યશરીર છે. કારણશરીર સર્વથા નષ્ટ થયા પછી કાર્યશરીર બની શકતું નથી. વડનું બીજ નષ્ટ થયા પછી વડ બની શકતો નથી તેમ કાર્મણશરીર નષ્ટ થયા પછી ઔદારિકાદિ શરીર બની શકતાં નથી. આત્માની સાથે કાર્મણશરીરનો અનાદિકાળથી જ સંબંધ છે માટે કારણશરીરરૂપ કર્મની સાથે ઓતપ્રોત થઇને રહેલો આત્મા ઔદારિકાદિ કાર્યશરીરમાં રહી શકે છે, કારણ કે કાર્ય-શરીર આત્માએ રેશમના કીડાની જેમ કારણશરીરદ્વારા બનાવેલું છે. અર્થાત્ જેમ રેશમનો કીડો ઝાડનાં પાંદડાં ખાઇને પોતે કોશેટો બનાવીને તેમાં રહે છે તેમ જીવ કર્મદ્વારા ઔદારિકાદિ પુદ્ગલો ગ્રહણ કરીને તેનું શરીર બનાવીને તેમાં રહે છે. ઔદારિકાદિ કાર્ય-શરીર જેટલા પ્રમાણમાં નાનાંમોટાં હોય છે, જીવ પણ વિકોચ સ્વભાવથી તેટલા જ પ્રમાણમાં ફેલાઇને રહે છે પણ શરીરની બહાર નિરંતર માટે રહી શકતો નથી.

જ્યાં સુધી આત્માની સાથે કર્મનો સંબંધ છે ત્યાં સુધી તો આત્માને કાર્યશરીરની અત્યંત આવશ્યકતા રહે છે. સમુદ્ઘાતોમાં તથા શરીરના અવયવો છેદાઇને શરીરથી જુદા પડવામાં કાર્યશરીરની બહાર પણ આત્મપ્રદેશો ફેલાય છે. અર્થાત્ ક્રોધ આવે છે ત્યારે શરીર-પ્રમાણ આત્મપ્રદેશો શરીરની બહાર નીકળે છે; ઇલિકામરણ વખતે શરીરમાં રહેલો આત્મા ઉત્પત્તિના સ્થળ સુધી આત્મપ્રદેશો બહાર કાઢીને લંબાવે છે; તથા કેવલી આઠ સમયના સમુદ્ઘાતમાં ચોથા સમયે આત્મપ્રદેશોથી આખો ય લોક ( વિશ્વ ) પૂરી દે છે કે જે સમયે આત્મા વિશ્વવ્યાપી બને છે. આવાં કારણોને લઇને આત્મા કાર્યશરીરથી બહાર પણ રહી શકે છે; પરંતુ સર્વથા શરીર રહિત તો રહી શકતો જ નથી કારણ કે કાર્મણ–કારણશરીર તો આત્માની સાથે જ રહેવાનું તેમજ આશ્રયભૂત કાર્યશરીરનો પણ સંયોગ રહેવાનો જ. પૂર્વોક્ત સમુદ્ઘાત આશ્રયભૂત કાર્યશરીર વગર થઇ શકતા જ નથી કારણ કે કાર્યશરીરની બહાર ઉભરાઇને ફેલાયેલા આત્મપ્રદેશો મૂળ આધારભૂત કાર્યશરીરમાં જ સમાઇ જાય છે. મૂળ શરીરમાંથી બહાર નીકળીને ફેલાવું તથા પાછું મૂળ શરીરમાં સમાઇ જવું થાય છે અથવા તો નાનાંમોટાં શરીરના પ્રમાણમાં આત્મા ફેલાય છે, તે આત્મામાં રહેલી સંકોચ–વિકોચરૂપ શક્તિનું પરિણામ છે. અને તેનું વ્યંજક કર્મદ્રવ્યનો સંસર્ગ છે. તે કર્મ સર્વથા આત્માથી છૂટું પડી ગયા પછી આત્મામાં સંકોચ–વિકોચ થતો નથી. જેમકે–પાંચ શેર પાણી મણ પાણી સમાય તેવા વાસણમાં નાંખીને ગરમ કરવા ચુલ્હા ઉપર મૂકયું હોય અને તેને સળગતા ચુલ્હા ઉપર ઘણા વખત સુધી રાખી મૂકવામાં આવે તો અત્યંત ઉકળી જવાથી ઉભરાઇને વાસણની બહાર નીકળવા માંડે છે; કારણ કે પાણીમાં અગ્નિના પુદ્ગલો ઓતપ્રોત થવાથી પાણી વિકોચ ભાવને લઇને ફેલાય છે, પાણીનું વાસણ ચુલ્હા ઉપરથી ઉતારી લેવામાં આવે અથવા તો ચુલ્હામાંથી દેવતા કાઢી નાંખવામાં આવે તો પાણીમાંથી અગ્નિના પુદ્ગલો નીકળી જવાથી ઉભરો વાસણમાં સમાઇ જાય છે અને પાણી વાસણના એક ખૂણામાં રહી જાય છે. તેવી જ રીતે સમુદ્ઘાત વખતે અમુક પ્રકારના કર્મપુદ્ગલોનો ઉદય થવાથી આત્મપ્રદેશો શરીરમાંથી નીકળીને બહાર

ફેલાય છે, તે કર્મના પુદ્ગલો આત્માથી છૂટા પડી જાય છે ત્યારે આત્મા પાછો શરીરમાં સમાઈ જાય છે. આ સંકોચ-વિકોચ કર્મના સંસર્ગને લઇને થાય છે માટે એમ સમજાય છે કે તે આત્માનો સ્વભાવ નહિં પણ વિભાવ છે, નહિં તો અકર્મક દશામાં પણ આત્મામાં સંકોચ-વિકોચ થવો જોઇએ. પણ સર્વ કર્મ ક્ષય થઇ ગયા પછી જ્યારે આત્મા ઊર્ધ્વ ગતિથી લોકના છેડે સ્થિર થઇ જાય છે, પછી તેમાં ગમનાદિ કોઇ પણ પ્રકારની ક્રિયા જણાતી નથી અને જેટલા આકાશપ્રદેશમાં આત્મપ્રદેશો વ્યાપ્ત થઇને રહ્યા છે, અનંતા કાળ સુધી તેટલામાં જ સ્થિર પણ રહે છે.

શરીર છેદાઇને તેનું અવયવ અલગ પડેલું હોય છે ત્યારે તે અવયવમાં આત્મપ્રદેશો રહેલા હોવાથી કાંપે છે, તે વખતે શરીર અને કપાયલા અવયવની વચમાં ભાંગેલી કમળ-નાળના બે કટકાના વચમાં રહેલા ઝીણા તાંતણાઓની જેમ આત્મપ્રદેશો ફેલાઇને રહેલા હોય છે, ત્યાં પણ કર્મણ શરીરનો તો સંયોગ હોય જ છે. જ્યારે અવયવમાં રહેલા આત્મ-પ્રદેશો સંકોચાઇને પાછા શરીરમાં દાખલ થઇ જાય છે ત્યારે કપાયલું અવયવ કાંપતું બંધ થાય છે. જ્યારે આત્માનો કાર્યશરીરથી વિયોગ થાય છે અર્થાત્ મૃત્યુ થાય છે ત્યારે આત્મા બહુ જ સૂક્ષ્મપણે સંકોચાઈને કારણશરીરદ્વારા નવીન કાર્યશરીર બનાવવાના પ્રદેશમાં એક સમયમાં અથવા તો ત્રણ-ચાર સમયમાં પ્રાપ્ત થઇને ઔદારિકાદિ શરીર બનાવવાની સામગ્રી કાર્મણ શરીરદ્વારા ગ્રહણ કરે છે અને તે સ્થળના યોગ્ય જેટલા પ્રમાણમાં તથા જેવી સ્થિતિવાળું શરીર જોઈએ તેટલા પ્રમાણવાળું તેવું તૈયાર કરે છે અને બે ઘડીમાં પોતાને રહેવા લાયક શરીર બનાવી લે છે. શરીરનો પ્રારંભ અને સંપૂર્ણ સ્પષ્ટ અવયવોની સમાપ્તિમાં ઘણું અંતર રહે છે. અને તે અનેક પ્રકારનાં શરીરો હોવાથી સમાપ્તિના કાળની તારતમ્યતા રહે છે, અંતર્મુહૂર્તથી માંડીને નવ મહિના અને કદાચ એથીય વધારે સંપૂર્ણ અવયવી શરીર બનાવતાં લાગે છે. જેમ જેમ શરીરના અવયવો નિકળીને વધતા જાય છે તેમ તેમ આત્મા શરીરમાં ફેલાતો જાય છે અને સંપૂર્ણ અવયવી શરીરમાં સંપૂર્ણ આત્મપ્રદેશો વ્યાપી જાય છે. પછીથી તે જ શરીરમાં આત્માના બુદ્ધિ-ઇચ્છા-દ્વેષ-પ્રયત્ન આદિ કાર્યો જણાય છે કે જે શરીર વગરના બીજા કોઇ પણ સ્થળે જણાતાં નથી જેથી આત્માનું અસ્તિત્વ દેહમાં જ પ્રતીત થાય છે.

આ પ્રમાણે આત્માના ગુણો શરીરમાં જ જણાવાથી ગુણી-આત્મા પણ દેહવ્યાપી હોવા છતાં કેટલાક અદૃષ્ટ-પ્રારબ્ધને આત્માનો વિશેષ ગુણ માનીને તેને દેહથી ભિન્ન દેશાંતરમાં પણ રહેવાની સિદ્ધિ કરતાં કે-" અદૃષ્ટ આત્માનો વિશેષ ગુણ છે અને તે સર્વ-વ્યાપી હોઇને ઉત્પન્ન થવાવાળી ભોગવિભોગની વસ્તુનું નિમિત્ત બને છે. જો એમ ન હોય તો હિંદુસ્તાનમાં રહેવાવાળા માણસોના ભોગવિભોગની વસ્તુઓ જેવી કે-વસ્ત્ર-પાત્ર-સ્વર્ણ-રજત-મોટર-ઝવેરાત આદિ વસ્તુઓ સ્વદેશમાં તથા યુરોપ આદિ પરદેશોમાં તૈયાર થાય છે કે જેમાં માણસોનું પ્રારબ્ધ નિમિત્ત બને છે તે ન બનવી જોઇયે, પણ બને છે માટે આત્માનો અદૃષ્ટ ગુણ સર્વવ્યાપી હોવાથી ગુણી આત્મા પણ સર્વવ્યાપી છે; કારણ કે ગુણીને છોડીને ગુણ રહી શકતો જ નથી. " પણ આવી રીતે અદૃષ્ટ સર્વવ્યાપી

# ધર્માધર્મવ્યવસ્થા

લેખકઃ-મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી મહારાજ

ધર્મથી સુખ થાય છે અને અધર્મથી દુઃખ મળે છે એ નિર્વિવાદ છે. ધર્મ કોને કહેવો એ કદાચ વિવાદાસ્પદ હોય તો પણ ધર્મ છે અને તેના પ્રત્યે સર્વનો આદર છે એ ચોક્કસ છે. પોતાને નાસ્તિક માનતો આત્મા પણ અમુક જાતિના ધર્મ પ્રત્યે અવશ્ય આદરભાવ રાખતો હોય છે, કારણ કે તેને પણ સુખ અભિલષિત છે. સુખને નહિં ઇચ્છતો અને દુઃખને ઇચ્છતો આત્મા કોઇ પણ નથી.

સુખનું નિદાન ધર્મ છે એ નક્કી થયું એટલે આપણે ધર્માધર્મનું સ્વરૂપ સહેજે સમજી શકીશું.

ધર્મ અને અધર્મના વિચારોમાં ઘણા ગોટાળા થવા પામ્યા છે તે શાથી? તે સમજવા માટે પ્રથમ સુખની હકીકત થોડી જોવી જોઇએ.

સુખ બે પ્રકારનું છે. એક પારમાર્થિક અને બીજું અપારમાર્થિક-પૌદ્ગલિક. તેમાં પારમાર્થિક-આત્મિક સુખ અદ્વિતીય અને અનિર્વચનીય છે, અને પૌદ્ગલિક સુખ સાધારણ-પરાધીન અને વિનશ્વર છે.

---

બનીને આત્માને સર્વવ્યાપી બનાવી શકાતું નથી. જો આત્માને સર્વવ્યાપી માનવામાં આવે તો આત્માઓ નાના-અનેક હોવાથી બધાય આત્માઓ દીવાના પ્રકાશની જેમ સેળભેળ થઇ જવાથી પરસ્પર એક બીજાના કર્મો ભોગવવાનો પ્રસંગ આવી પડે. જેણે જે કર્મ ન કર્યું હોય તે બીજાનું કરેલું પોતાને ભોગવવું પડે. અર્થાત્ પોતાનું કરેલું પુન્ય બીજો ભોગવે અને બીજાનું કરેલું પાપ પોતે ભોગવે એટલે કૃતનાશ અને અકૃતઆગમનો દોષ આવે, અથવા તો પોતાનું પુન્ય પણ ભોગવે અને બીજાનું પાપ પણ ભોગવે. કર્મ કરેલું હોય કે ન કરેલું હોય તો યે એક સાથે પુન્ય પાપ ભોગવવાનો પ્રસંગ આવી જવાથી ઘણો જ ગોટાળો થઇ જાય. આવો ગોટાળો ટાળવાને માટે એમ માનવામાં આવે છે કે શરીર ભોગાયતન-ભોગોનું સ્થળ-છે માટે શરીરમાં જ કર્મો ભોગવાય છે, બહાર ભોગવાતું નથી તો પછી પોતાનું ઉપાર્જન કરેલું અદષ્ટ શરીરની બહાર નીકળીને સર્વવ્યાપીપણે આત્મોપભોગની વસ્તુઓ કેવી રીતે બનાવી શકે? અને આત્મા પણ સર્વવ્યાપી કેવી રીતે હોઇ શકે? આમ વિચારતાં સ્પષ્ટ સમજાય છે કે અદષ્ટ આત્માનો ગુણ નથી પણ કર્મ દ્રવ્ય છે અને તેનો અનાદિકાળથી આત્માની સાથે સંયોગસંબંધ છે. જૂનાં કર્મ ભોગવાઇને ક્ષય થતાં જાય છે તેની સાથે સાથે નવાં બંધાતાં જાય છે, માટે કર્મનો આત્માની સાથેનો સંબંધ પ્રવાહથી અનાદિ છે અને એટલા માટે જ આત્મા સર્વ કર્મથી મુકાઇ જઇને શુદ્ધ બને છે. કર્મબંધ, ભોગ અને મોક્ષ શરીરમાં થાય છે માટે આત્મા દેહવ્યાપી છે.

પારમાર્થિક સુખના જે વાસ્તવિક ઉપાયો છે તેની ઉપાસના એ **એકાંતે ધર્મ છે.**

પારમાર્થિક સુખની સાધનામાં ધક્કો ન પહોંચે ને ક્રમે ક્રમે તે તરફ ખેંચાણ વધે એ રીતે ઐહિક સુખના અદષ્ટ ઉપાયોમાં પ્રવૃત્ત થવું એ **મિશ્ર ધર્મ** છે.

કેવળ ઐહિક-પૌદ્ગલિક સુખના દષ્ટ સાધનોમાં જ પ્રયત્નશીલ રહેવું એ **સર્વથા અધર્મ** છે.

વિશુદ્ધ ધર્મ, મિશ્ર ધર્મ અને અધર્મની ઉપર જણાવ્યા પ્રમાણેની વ્યાખ્યાઓ ધ્યાનમાં રાખી આત્મા કોઇ પણ વિચારણા યા પોતાની પ્રવૃત્તિને વિચારે તો તેને પોતે ત્રણમાંથી કયે માર્ગે છે તે સમજવું કઠિન નહિં પડે.

ઉપરની હકીકતને થોડાક ઉદાહરણોથી સ્પષ્ટ કરીએ.

૧ કોઈ એક આત્મા સંસારના પૌદ્ગલિક સુખોનો સર્વથા ત્યાગ કરી અથવા ઐહિક સુખની લાલસાનો ત્યાગ કરી વિચારણાને સમભાવમાં સ્થિર કરતો-રાખતો જે કાંઈ પ્રવૃત્તિ કે નિવૃત્તિ સાધે છે તે એકાન્તે અર્થાત્ નિશ્ચયપણે ધર્મ છે.

૨. સ્પર્શન-રસન-ઘ્રાણ-નયન-શ્રવણ અને મનના આનન્દ માટે પુણ્ય વધે તેવી પ્રવૃત્તિ કરતો કોઇ આત્મા પોતાને જેમાં શ્રદ્ધા છે એવા અનુષ્ઠાનોને આરાધે તે મિશ્ર ધર્મ છે. જેમ કે પરમ્પરાએ પણ પારમાર્થિક સુખને ધક્કો ન પહોંચે એ રીતે ઐહિક સુખને મુખ્ય માની કરાતા તપ-જપ-ઈશ્વરોપાસના-દાન-ધ્યાન વગેરે અનુષ્ઠાનો મિશ્ર ધર્મ છે. નિશ્ચય દૃષ્ટિથી તે ધર્મ નથી અને વ્યવહારથી તે ધર્મ છે માટે તે મિશ્ર ધર્મ.

કોઇ લાવણ્યવતી યુવતી ઇશ્વરના મન્દિરમાં મધુર સ્વરથી સ્તવના કરે છે. તે કંઠથી એક રસિકના શ્રવણ તે તરફ આકર્ષાયાં. તે મન્દિરમાં ગયો. યુવતીના સૌન્દર્યનું પાન નયનથી કરતો અને સંતપ્ત શ્રવણમાં સ્વરસુધા સીંચતો તે ત્યાં સ્થિર થયો. ધીરે ધીરે આ પ્રયોગે તેને પ્રભુ પ્રત્યેના પ્રેમમાં ખેંચ્યો એ મિશ્ર ધર્મ કહેવાય કે નહિં ?

એ જ રીતે કોઇ ખાવાની ચીજ કે એવી જ કોઇ બીજી વસ્તુની લાલસાથી સદુપદેશશ્રવણ યા ધાર્મિક પઠનપાઠનમાં જોડાતા જીવોની તે પ્રવૃત્તિને મિશ્ર ધર્મ ગણવો કે નહિં ?

આ બન્ને પ્રશ્નોના ઉત્તરમાં બહુલતાએ આપણે કહેવું જોઇએ કે એ મિશ્ર ધર્મ કહેવાય, કારણ કે એ રીતે તે તે આત્માઓ ધર્મ સન્મુખ બને છે.

વ્યકિતવિશેષને માટે જો વિચારીએ તો જે કોઈ વ્યકિત કેવળ રૂપતૃષ્ણાથી કે શ્રવણલાલસા માટે ત્યાં જોડાય છે ને તે મન્દ પડતા છોડી દે છે તેને માટે તે મિશ્ર ધર્મ નથી, કારણ કે તેની તે પ્રવૃત્તિએ પારમાર્થિક સુખને ધક્કો પહોં-

ચાડયો અને ઐહિક સુખના અદષ્ટ સાધનોમાં પણ તેને જોડયો તે તો કેવળ પૌદ્ગલિક સુખના દષ્ટ સાધનોમાં જ ફસાયો અને ખેંચાયો.

૩. બાહ્ય વાસનાઓની શાંતિને માટે સેવાતા દેખાતા બાહ્ય સાધનો તે અધર્મ છે.

સ્પર્શનની શાન્તિ માટે વિષયસેવન, રસનાની તૃપ્તિ માટે મિષ્ટ ભોજન, ઘ્રાણના તર્પણ અર્થે અત્તર, પુષ્પ વગેરેના સુગન્ધ ગ્રહણ, નયન સંતોષ માટે રૂપ-દર્શન, શ્રવણની શાંતિ અર્થે સુરીલા શબ્દોનું શ્રવણ, ચિત્તવૃત્તિની તૃપ્તિ માટે તેવા જ પ્રકારનું ચિન્તવન-વાંચન. આ સર્વ અધર્મ છે. આટલા વિવેચનથી સમજી શકાશે કે ધર્મ અને અધર્મ શું છે?

અધર્મની ઉપાસના કરનારને તત્કાલ ઐહિક સુખ મળતું નજરે જોવાય છે તે શાથી? તેનો વિચાર એક બાજુ રાખીએ તો પણ તે કેટલા કાળને માટે થાય છે અને કેટલાએકને તે સુખ કેટલું ભયંકર થઇ પડે છે તે પણ ઉઘાડી આંખે જોનારની નજર બહાર તો નથી જ.

માટે અહિં અને ત્યાં પોતાના અને પરના સુખને માટે દરેકે બની શકે તો પારમાર્થિક સુખમાં જોડાવું અને જોડાવાનું ન બને તો છેવટે ઐહિક સુખના અદષ્ટ સાધનોમાં પ્રવૃત્તિ કરવી અને કરાવવી એ જ ઉપાદેય અને શ્રેયસ્કર છે. બાકી વિશ્વનો મોટો ભાગ પૌદ્ગલિક સુખના દષ્ટ સાધનોમાં પ્રવૃત્તિ કરે છે ને કરાવે છે. અધર્મ પન્થે જનારા ને લઇ જનારાની બહુમતી છે; પણ તે હેય છે, ત્યાજ્ય છે, નિન્દનીય છે. સમજુઓ તેમાં ન ફસાય ને સુખી બને.

## सतसंग ।

संगसे पुष्पको चन्द्र मिले,
  अरु संगसे लोहा स्वर्ण कहावे ।
संगसे पंडित मूर्ख बने,
  अरु संगसे शुद्र अमरपद पावे ॥ १ ॥
संगसे काष्ठके लोह तीरे,
  तन को सतसंग ही पार लगावे ।
संग से संतको स्वर्ग मिले,
  अरु संग कुसंग से नर्क में जावे ॥ २ ॥

* —राजमल भंडारी

# વ્યવહાર કૌશલ્ય

(૨૬૧)

**જે—નિષ્ઠાપૂર્વક ધ્યાન આપે છે, સ્પષ્ટતાપૂર્વક પૂછે છે;**
**ઠાવકાઈથી બોલે છે, ઠંડાઈથી જવાબ આપે છે**
**અને પોતાને કાંઈ કહેવાનું ન હોય ત્યારે બોલતો બંધ થઈ જાય છે—**
**તેનામાં માણસાઈના ઉત્કૃષ્ટ આવશ્યકો છે.**

મનુષ્યપણાની અતિ આવશ્યક ચીજો કઈ ?

કોઈ કામ કરવું તેના ઉપર **એકનિષ્ઠાથી** ધ્યાન આપવું, આખી દુનિયામાં એ જ એક કામ છે એમ ગણવું અને અન્ય બાબતમાં ગૂંચવાઈ એક સાથે બે ચાર કામ ઉપાડવાં નહિ કે કરવાં નહિ. જે વાત લીધી તેને પ્રમાણિકભાવે ચલાવ્યા કરવી, તેની ફરતી ફેરીઓ દીધા કરવી અને તેનો જ વિચાર આખો વખત કરવો—એ અતિ આવશ્યક ગુણ છે, ખાસ જરૂરી આવશ્યક છે અને કાર્યસિદ્ધિનો પ્રથમ પાઠ છે.

કોઈની વાતની તપાસ કરવી હોય કે ચોખવટ કરવી હોય તો તેમાં આડીઅવળી નકામી વાતોની ભેળસેળ થવા દીધા વગર મુદ્દામ સવાલ **ચોખવટથી પૂછવા** અને પોતે શું કહેવા માગે છે તેમાં ગોળમટોળ ગોટાળા ન વાળતાં પોતાના આશય ઉપર સમજાય તેવી રીતે સવાલો કરવા. **જેનામાં વિચારની સ્પષ્ટતા હોય તેના જ સવાલો મુદ્દામ હોય છે.**

અને કાંઈ પણ બોલવું હોય ત્યારે **શાંતિપૂર્વક સમજીને બોલવું**. નકામા ઘાંટા પાડવા નહિ, આવેશમાં આવીને બોલવું નહિ અને વાતને રસે ચઢાવવાની ટેવ ન રાખવી. આવેશમાં આવી બોલનારની અરધી વાત મારી જાય છે અને બાકીની ગોટે ચઢી જાય છે. શાંતિથી બોલનારનું સર્વ સાંભળે છે, સમજે છે અને સ્વીકારે છે.

**અને કોઈ પૂછે તો ઘણી ઠાવકાઈથી** ઠંડાઈથી **જવાબ** આપે તે ઘણો સમજુ માણસ છે એમ સમજવું. પૂછનારે હજી અરધી–પરધી વાત ન કરી હોય, સામાનો મુદ્દો પૂરો સમજવામાં ન આવ્યો હોય, ત્યાં મનમાં આવે તેમ સાચા સવાલ કરનાર, જવાબ આપવાને બદલે સામા અર્થ વગરના પ્રશ્નો પૂછનાર અને જવાબમાં અપ્રસ્તુત લાંબી–ચોડી વાત કરનાર માણસ નકામો છે, નિર્માલ્ય છે, સલાહ લેવા માટે નાલાયક છે.

અને સૌથી વધારે વાત **બોલતાં અટકી જવાના સંયમની** છે. નકામું બોલવું નહિ, જેવું તેવું બોલવું નહિ, હેતુ વગરનું બોલવું નહિ, અપ્રસ્તુત બોલવું નહિ અને વાત પૂરી થાય કે સલાહ આપી દેવાય કે તુરત બોલતા અટકી જવું.

આ સર્વ સાદી વાત છે, પણ પ્રત્યેક આવશ્યક બાબતો જીવનફતેહ માટે મહામૂલી છે, વ્યવહારસફળતા માટે સોનાની છે અને કુશળ માણસ પ્રયાસથી **હસ્તગત કરી શકે તેવી સાદી સરળ અને મોંઘી** ચીજો છે. વિચારશીલ પ્રાણી એને બરાબર સમજે.

---

**He who sedulously attends, pointedly asks, calmly speaks, cooly answers, and ceases when he has no more to say, is in possession of some of the best requisites of men. ...LAVATER ( 16-6-45 )**

( ૨૬૨ )

**કાનના કરતાં આંખ મારફત થતું સ્વસંવેદન સત્તરગણું વધારે સુયોગ્ય-પ્રમાણિક હોય છે એમ કહેવાય છે, તો પછી સારા ઇરાદાઓ ભાષામાં સાંભળવાને બદલે કાર્યમાં દેખાય એ સમીચીન છે.**

કાયદો તો કહે છે કે માત્ર **સાંભળેલી બાબત પુરાવામાં દાખલ જ થઈ શકે નહિ.** એને Hearsay evidence શ્રુતિદ્વારા થયેલ પુરાવો ગણી કાયદો એક જ શરતે દાખલ કરે છે અને તે એ કે જેની પાસેથી સાંભળેલ હોય તેણે તે બાબત નજરે જોયેલ કે જાતે અનુભવેલ હોવી જોઇએ અને તે પુરાવો આપવા હાજર થનાર હોવો જોઇએ. આનું કારણ એ છે કે સાંભળેલ વાત ઘણીવાર વિપર્યાસ પામી જાય છે, તેમાં ટક્કા વધી જાય છે, મુદ્દામ બાબતો પાછળ રહી જાય છે અને ઊલટ તપાસને તેમાં પરીક્ષા કરવાનો અવકાશ મળતો નથી.

માટે વ્યવહાર કહે છે કે-સાંભળેલી વાત કરતાં નજરે જોયેલી વાત વધારે સાચી હોવી સંભવે છે, એમાં તથ્યાંશ ઘણો વધારે હોય છે. સાંભળી સંભળાવીને રાજી થવા કરતાં એવી વાત જીવી લેવી એમાં જ સ્વપરનું શ્રેય છે, એમાં સ્વસંવેદન છે, એમાં આત્મરમણતા છે. ગજના ગજ ભરે જાય અને એક તસુ પણ ફાડે નહિ તેવા શ્રવણરસિક માણસો પોતાને અને સમાજને બોજારૂપ થાય છે અને ઘણીવાર તો આકરી તીવ્રતાને અંગે પોતાનું ભાવી પણ જોખમમાં મૂકી દે છે અને ઉઘાડા પડે ત્યારે ભારે વિમાસણમાં પડી જાય છે.

એક સજ્જન મેં એવા જોયા છે કે એને ઘણી ઘણી મોટી વાતો કરવાની ટેવ. એ યોગ કે અધ્યાત્મની વાત કરે તો ભાઇસાહેબ જાણે એમને સ્થાનેથી કદી ઊઠતા પણ નહિ હોય એવું લાગે, પણ એમને મન સર્વ **પોથીમાંનાં રીંગણાં** જેવું જ હતું. સત્ય, પ્રમાણિકપણું, બ્રહ્મચર્યની કે અહિંસા, માયાત્યાગની મોટી મોટી વાતો કરનારા જ્યારે વર્તન કરવાનો વખત આવે ત્યારે સામાન્ય કક્ષાએ ઊતરી જાય કે ગમે તેવું ભળતું વર્તન કરી બેસે ત્યારે બહુ નુકસાનકારક દાખલો બેસાડે છે. ખરી વાત તો વર્તન ઉપર જ આધાર રાખે છે. જેનું ચારિત્ર નિર્મળ, જે નાનામાં નાની બાબતમાં પણ બહુ ચોક્કસ હોય, જેના પ્રત્યેક વિચાર, વચન કે વર્તનમાં એનું જીવનપ્રતિબિંબ પડતું હોય, જેના ઉપદેશ કે વિચારદર્શન અને મન-વચન-કાયાના પ્રસંગોમાં સુમેળ સધાયો હોય, એકવાક્યતા હોય, ત્યાં જીવન છે, ત્યાં સાધ્ય તરફ પ્રયાણ છે, ત્યાં પ્રગતિને પંથે આગળ ધપવાપણું છે, ત્યાં જીવનનો સાચો રસ છે માટે જે સારા ઇરાદાઓ, નિર્ણયો કે નિશ્ચયો હોય તેનો તે પ્રમાણે અમલ કરો, તેને વ્યવહારમાં મૂકો, તેને પ્રદર્શનના પદાર્થો ગણવાને બદલે જીવવાનાં સૂત્રો ગણો અને તેને જીભની મીઠાશના લબરકા લેવાના સાધનને બદલે હૃદયગુહામાંથી નીકળતાં નિર્મળ ફુવારાની ફોરમો ગણી એનો આમોદ લો. **પરાર્થે કે દેખાવ માટે જીવવું નિરર્થક છે,** આત્મ વિગોપનમાં સાચી મોજ છે અને **બોલ્યા કરતાં કરી બતાવવામાં** ઉલ્લાસ છે, આનંદ છે, મંગળ છે, મોજ છે અને જીવનસાફલ્ય છે, માટે બોલવાને બદલે જીવો, સદ્વિચારને ઘરેણાં ન ગણો, પચાવવાનું ધાન્ય ગણો.

---

**Perception is said to be seventeen times juster through the eyes than through the ears. Then let good intentions be seen in action rather than heard in speach. (26-7-44.)**

( ૨૬૩ )

**પ્રશંસા-જુદા જુદા મન પર જુદા જુદા પ્રકારની અસર કરે છે. એ ડાહ્યા માણસને વધારે નમ્ર બનાવે છે, પણ એ મૂર્ખ માણસને વધારે અભિમાની બનાવે છે અને એના નબળાં મગજને ઉન્મત્ત કરી મૂકે છે.**

વ્યવહારમાં એક કહેવત છે કે-દીકરાના વખાણ એની ગેરહાજરીમાં કરવા, નોકરના વખાણ એની હાજરીમાં કરવા અને સ્ત્રીના વખાણ એના મરણ બાદ કરવા. આ કહેવતની પાછળ કામ લેવાની કુનેહ ઉપરાંત માનસશાસ્ત્રનો પાકો અનુભવ છે. પ્રશંસા જુદા જુદા માણસો પર વિવિધ પ્રકારની અસર કરે છે. હલકા મગજનો મનમોજી માણસ સાચા ખોટા વખાણથી ચઢી જાય છે. વાંદરાને દારૂ પાયાથી જેવી અસર થાય, તેવી અસર ક્ષુલ્લક મગજ પર પ્રશંસાથી થાય છે. સારો અનુભવી નોકર સારું કામ કરે તે માટે એ સારાં સકૂન વાપરી શેઠ એને બોનસ, ઇનામ કે પગાર વધારો કરે ત્યારે તે પોતાનાં કામમાં વધારે ચીવટવાળો થાય છે. કુમળાં મગજ પ્રશંસાથી ગર્વવાળા થઇ જાય છે અને કોઇવાર ફાટીને ફૂલી તૂટી જાય છે-રબરના ગોળા માફક; જ્યારે ચારિત્રશાળી પ્રૌઢ વ્યક્તિ પોતાનાં કામમાં વધારે પ્રયત્નશીલ બને છે અને એનું અંદરનું હીર બહાર નીતારી આપવા એ ઉમંગપૂર્વક તત્પરતા બતાવે છે.

સ્ત્રીઓનાં મગજની પરીક્ષા પૂર્વકાળના અનુભવીઓએ એવી કરી જણાય છે કે એ પ્રશંસા સાંભળે તો ફાટી જાય છે, માટે એની પ્રશંસા ન કરવી. આ વાતમાં સર્વાંશે સત્ય ન હોય તો પણ વાત વિચારવા જેવી તો જરૂર છે અને એ માનસશાસ્ત્રનો વિચારવા યોગ્ય કોયડો પૂરો પાડે છે.

બાકી સાચી પ્રશંસા કરવી, યોગ્યને અભિનંદન આપવા, સેવા-ભાવનો જાહેરમાં આવકાર કરવો કે સુંદર પુસ્તક કે સારા લેખના લેખકની જાહેરમાં પ્રશંસા કે અવલોકન કરવામાં વાંધો નથી. એથી અનુકરણ કરનારને પણ ઉત્તેજન મળે છે અને સારા દાખલા પાડનારને પગલે ચાલનાર અનેક નીકળી આવે છે. દુનિયા ગુણની પ્રશંસક છે અને ગુણ-પૂજા કે પ્રશંસા એ ગુણપ્રાપ્તિ માટે સહજસાધ્ય રાજમાર્ગ છે. ગુણવાનની પ્રશંસા કરવી અને નિર્ગુણી ઉપર સમચિત્ત રહેવું એ ડહાપણ અને ખાનદાની બતાવે છે. ડાહ્યો સમજુ માણસ પ્રશંસા જીરવી શકે છે, એ વધારે દૃઢ થાય છે અને એની વિભૂતિ એ વધારે પ્રસરાવે છે. પણ મૂર્ખ માણસ પ્રશંસાથી ફુલી રખડી પડે છે અને કાંઇ સહજ સત્ત્વ કદાચ પ્રાપ્ત કર્યું હોય તો તેને પણ ગુમાવા બેસે છે. ઝીલનારની પરીક્ષા કરી, યોગ્ય પ્રશંસા કરવામાં વાંધો નથી, પણ જ્યાં ત્યાં ભાટ-ચારણપણું કરવા જતાં સોનાં સાંઠ થઇ જાય છે. વિવેક, મર્યાદા અને સંયોગને ધ્યાનમાં રાખી કરેલી પ્રશંસા કાર્યદક્ષતામાં વધારો કરે છે અને કુશળ માણસનું મૂલ્ય વધારે છે.

---

**Praise has different effects, according to the mind it meets with; it makes a wise man modest, but a fool more arrogant, turning his weak brain giddy.**
**—Felthan ( 5-2-45 )**

( ૨૬૪ )

**આપણે જરૂર યાદ રાખવું જોઈએ કે:**

**જીવનનો ઉદ્દેશ સુખ–ચેન આરામ નથી, પણ ચારિત્ર છે;**

**જીવનનો વેપાર–વ્યવસાય અમનચમન નથી, પણ વિકાસ છે.**

જીવનનો ઉદ્દેશ શો ? આવ્યા, ખાધુંપીધું, હર્યાફર્યા, વરઘોડે મહાલ્યા, બેન્કમાં કે વટાવ ખાતામાં રકમ જમા બતાવી, થોડાં શેર કે ઘરના ઘર ખરીદ્યાં કે બંધાવ્યા, અને પછી શું ? અથવા રખડયા, ભટકયા, ઠઠ્ઠા મશ્કરીઓ કરી, હીલ સ્ટેશને ગયા, ગંજીપાનાં પાનાં રમ્યાં કે ચોપાટ, શેતરંજ ખેલી અને માંદા પડી મોત આવ્યું ત્યારે ચાલ્યા ગયા ! આ તે કાંઇ ઉદ્દેશ છે ? આમાં કોઇ હેતુ છે ? આમાં કાંઈ સાધ્ય છે ? આમાં કાંઇ સ્થાયી તત્ત્વ કે સ્થિર તત્ત્વ છે ? આવો જીવનનો હેતુ હોઇ શકે ? હોવો ઘટે ? આપણી માનવતાને છાજે ? આપણા ગૌરવને શોભે ? કાંઈ ઉચ્ચ તત્ત્વ હોય, કાંઇ હંમેશ રહે કે આંતરને સંતોષે તેવું રહસ્ય હોય, કાંઇ આગળ ધપાવે તેવો માનસગ્રાહ હોય, કાંઇ હૃદયને તર્પણ કરે અને મન વાણી કે ક્રિયા પર સંયમ લાવે તેવી સાપેક્ષવૃત્તિ હોય તો તેને ઉદ્દેશનું નામ પણ શોભે, બાકી **ખાધું તે તો ખાધું**, બીજે દિવસે સવારે વાડામાં ગયા કે સર્વ ખલાસ ! એમાં ક્ષણ માત્ર રસ લાગ્યો હોય કે સુખ દ્રવ્યું હોય તો તેનો ચમકાર વીજળીના ચમકાર જેટલો છે. મોજમજાગાં કાંઇ માલ નથી, આનંદ ચેનચમનમાં કોઇ સ્થિર–સ્થાયી તત્વ નથી અને એને જિંદગીનો ઉદ્દેશ કહેવો તેની જેવી ભૂલ નથી.

અને જીવનનો વ્યાપાર ? આ લીયા દીયા કે ઘરાકને સમજાવ્યા, સાટાં કર્યાં કે કૌભાંડો કર્યાં, દલાલાં કર્યાં કે સોદાઓ જમાવ્યાં, નોકરી કરી કે અમલદારી કરી–એ તે વેપાર કહેવાય ? **વેપાર તો ખરો હૃદયના વિકાસનો** હોય તે સાચી લક્ષ્મી વધારે, જેમાં એકના લાખ થાય, અંતરાત્માના પ્રસન્ન પ્રસાદો થાય, દાન દયા સંયમના સરકા આવે, શાંતિ સ્થિરતા સૌજન્યના ચોક પૂરાય, ધ્યાનની એકાગ્રતાના શાંત વાયરા ઊઠે, અનેક નાના મોટા ગુણો સેવાકાર્ય સ્વીકારે અને રાતદિવસ અંતરના ઊમળકા આવે એનું નામ સાચો ' વેપાર ' કર્યો કહેવાય. લાખ કમાઇને કરોડ ગુમાવીયે તેનું નામ વ્યાપાર ન કહેવાય; એ તો ખરી રીતે કુંભારપણું કે હજામત ગણાય. જ્યાં સુધી અંદરનો વિકાસ ચિરંજીવી ન થાય, જયાં સુધી પ્રેમ શાંતિ સમતા અને વિશ્વબંધુત્વના ચલણો હાજરાહજુર ન થાય, ત્યાં સુધી સાચો ' વેપાર ' આવડયો કે કર્યો ગણાય નહિ; માટે જીવનના સાચા ઉદ્દેશને પરખી સાચો વેપાર માંડો, ખોટાં ખાતાં બતાવવાની કે દેવાળીઆ પાસે લેણી પડતી રકમને પુંજી ગણવાની ભૂલથી દૂર રહો અને ઉદ્દેશ વગર જીવતરને ફેંકી દેવાની કે ખોટા ઊંધા વેપારને વ્યવસાય માનવાની ભૂલ ન કરો. આવો અવસર વારંવાર આવતો નથી; માટે સાચાને ઓળખો અને ખોટા વેપારને લાત મારો. **મૌક્તિક**

We need to remember that the ultimate goal of life is not comfort but character, that the business of life is not pleasure but growth. (7-9-45)

# અધ્યાત્મ-શ્રીપાળ ચરિત્ર.

( ૬ )

લેખકઃ—ચોકસી

**પ્રસંગ ૧૨ મો—**

શ્રીપાળ રાસના ત્રણ પ્રવેશ કલ્પીએ તો આ બીજો પ્રવેશ લેખાય. નાયક તરીકે શ્રીપાળકુમાર હોવા છતાં પ્રથમ પ્રવેશમાં અગ્રભાગ ભજવતું, ઊડીને આંખે વળગે એવું જીવન રજૂ કરતું પાત્ર મયણાસુંદરીનું છે, પણ આ શરૂ થતાં પ્રવેશમાં તો કર્ત્તા-હર્ત્તા સ્વયમ્ શ્રીપાળકુમાર જ છે. સારાયે બનાવો એ અટુલા વીરશ્રેષ્ઠની આસપાસ ગુંથાયેલાં છે. પ્રયાણ ટાણે પ્રાપ્ત થયેલ માતાના આશીર્વાદે અને ગુણીયલ કાન્તાએ વિનંતિરૂપે આપેલ કિંમતી સલાહે એની છાતીમાં કોઈ અનેરો જોમ પ્રગટાવ્યો છે અને આત્માને એટલી હદે રંગી દીધેલો છે, કે નવપદરૂપી મહામંત્રના સ્મરણમાં અટલ શ્રદ્ધા જામી હોવાથી પ્રાતઃકાળની જાગૃતિથી આરંભી નિશા-કાળની નિદ્રાના ખોળે પોઢતા પર્યંત ઉપસ્થિત થતાં દરેક કાર્યારંભે એ મંત્રનું સ્મરણ પ્રથમ સ્થાન લે છે. સુવર્ણસિદ્ધિ અને વિદ્યાસાધકના કાર્યમાં પરમાર્થનો ભાગ ભજવી રહેલ શ્રીપાળકુમાર, બીજા પ્રવેશના અંતે કોંકણ કાંઠે આવેલ ઠાણા નગરમાં અગ્નિપરીક્ષામાં પૂરેપૂરી રીતે તપી સો ટચના સુવર્ણ સમ બહાર આવે છે.

ભરૂઅચ્છમાં કોસંબીવાસી ધવલ સાર્થવાહનો સમાગમ, એ પરાક્રમ દાખવવાનો પહેલો પ્રસંગ. બબ્બર કુળમાં એનું પુનઃ પ્રદર્શન. સમાગમની ગાઢી ગાંઠ. રાજકુંવરી સહ પાણિગ્રહણ. ભાડુત તરીકે મુસાફરીમાં સાથે થનાર વહાણોનો માલિક બને છે. આમ સાહસિક કુંવરની રિદ્ધિ-સિદ્ધિ જોઇ, ધવળશેઠનું લોહી બળે છે અને અસૂયા પ્રગટે છે. સાર્થવાહ રત્નદ્વીપમાં આવી પહોંચે છે; ત્યાં તો 'પુન્યશાળીને પગલે પગલે નિધાન' એ કહેતી મુજબ મદનમંજૂષા નામા રાજકુંવરી સહ પાણિગ્રહણ થાય છે. ધવળશેઠ કે નવ નાટકનો સાસરવાસો લઇ આવનાર કુંવરી મદનસેના શ્રીપાળના વંશ સંબંધી કંઈ જાણતા નથી ત્યારે આ મદનમંજૂષા એથી માહિતગાર છે. એમાં નિમિત્ત ઋષભદેવપ્રાસાદના કમાડ બંધ થવાનું બને છે ને વિદ્યાચારણ મુનિદ્વારા કુમારનો પૂર્વ વૃત્તાન્ત સૌજન સાંભળે છે.

ભાગ્યવાન શ્રીપાળ તો ત્રણે પુરુષાર્થની સાધનામાં મશગૂલ રહે છે જ્યારે સાર્થવાહ ધવળ તો એકલા અર્થ પાછળ મંડી રહી, એ માટે કાવાદાવા કરી, રાજ્યના નોકરોના હાથે અપમાન પામતો ગુન્હેગાર બને છે. કુમારની કૃપાથી છૂટે છે. પુનઃ સાર્થવાહ આગળ વધે છે. લલનાયુગલ સહિત સાત મજલાના વહાણમાં બેસી કુંવર સાગરની મોજ માણે છે અને જળ-સ્થળની નવીનતાઓ

નિરખે છે. એ જોઇ ધવળની ચુંક વધી પડે છે! અટુલો માનવી જોત–જોતામાં આવો રિદ્ધિવંત બને એ વાત એને ખટકે છે. નિશ્ચય કરે છે એને મારી નાંખવાનો અને રમણીયુગલ હાથ કરવાનો! મિત્રો સાથે સલાહ કરાય છે. ત્રણ મિત્રો 'ના' ભણે છે પણ મરિચીને મળેલા કપિલ સમ એક 'હા' ભણનાર મળી આવે છે. પ્રપંચ ગોઠવાય છે. કુમારને દરિયામાં હડસેલાય છે. મન માને છે કે ખારા પાણીએ ખસ ગઇ અને અલ્પપ્રયાસે રંભાને શરમાવે તેવી કાન્તાઓ મળી ગઇ! પણ 'ચોરના પાટલે ધૂળની ધૂળ' એ જનઉક્તિ મુજબ્ પતિવ્રતા કુંવરીઓનો રક્ષણહાર હાજર થાય છે અને એમના પ્રતિ કુદૃષ્ટિ કરવા જતાં ધવળશાની નાલેશી થાય છે. દિવસો વીતતાં વહાણો કોંકણ કાંઠે નાંગરે છે.

હોંશભર્યો અને પ્રમદાઓને ટૂંક સમયમાં મનાવી લેવાની આશા ધરતો ધવલ સુંદર ભેટણા સાથે ઠાણાનરેશના દરબારમાં પહોંચે છે. ત્યાં શ્રીપાળકુમારને જોતાં જ મોતીયા મરી જાય છે! શ્રીપાળ તંબોળ આપે છે છતાં આ સ્વાર્થી મહાશય ઊંચું જોતાં જ નથી. નાખી હતી ખારે જળ, પ્રગટ થઇ તે વાત–નું રટણ ચાલે છે.

પુન: પ્યાદા ગોઠવાય છે. ડુંબ ટોળાનો સધિયારો શોધાય છે અને રાજસભામાં કુમારને માતંગ ઠરાવવાનું નાટક ભજવાય છે. પણ 'પાપ છાપરે ચઢીને બોલે' અને 'સત્યને આંચ આવે નહીં' એ કહેવત મુજબ નિમ્ન વચનો—

'કાર્મે કુળ ઓળખાવશું' અથવા 'પ્રવહણમાં અછેરે, દોય પરણી મુજ નાર; તેડી પૂછો તેહને, મૂળથકી અધિકાર' થી સારૂંયે વાદળ વીખરાઇ ગયું. શેઠજી ચાટ બની ગયા. કોંકણપતિ બોલી ઊઠ્યા–અરે! આ તો મારો ભાણેજ થાય. તરતજ રાજવીએ શેઠ તથા ડુંબના ટોળાને હણવાનો હુકમ આપ્યો. કુમારે ત્યાં પણ વચમાં પડી એમને છોડાવ્યા.

પૂર્વની બે પત્ની સાથે ત્રીજી મદનમંજરીનો યોગ થયો. અને દરિયામાં પડેલ કુમાર, મગરપીઠના અવલંબને કોંકણમાં આવી પુન: સુખના શિખરે બેઠો; એટલું જ નહીં પણ ધવલશેઠને ઉપગારી લેખી પોતાના આવાસમાં જ વડિલ તરીકે રાખ્યા.

આંખમાં શનિશ્ચરવાળા શેઠ આટલી હદે પાછા પડ્યા છતાં શ્વાનની પૂંછડી સમ પોતાની ગત ન ભૂલ્યા! 'ખવાયું નહીં તો ઢોળી નાંખવું' એવો નિશ્ચય કરી મધરાતે હાથમાં કટાર લઇ કુમારનું ખૂન કરવા દાદરો ચઢ્યા. પગ લપસ્યો અને પોતાની કટારનો જાતે ભોગ બની યમરાજના પરોણા બન્યા!

સારીયે ગુંથણી એકાદી ટૂંકી નવલિકાની હરિફાઈ કરે તેવી છે. એમાં સંગીતના જૂદા જૂદા રાહ છે અને એ સાથે કવિના સમયમાં પ્રચલિત રીત-

રિવાજો સંબંધમાં ઈશારા પણ છે. ' વડી પાપડની વાત છે, ' ' જીવજીવન પ્રભુ કિયાં ગયા ' એવો વિલાપ છે અને ઇતિહાસના અંકોડા પણ છે.

આ પ્રસંગમાં, અવંતિ–ભરૂચ–બબ્બરકૂળ–રત્નદ્વીપ અને કોંકણના નામ-નિર્દેશ પર વિચારણા કરતાં એ કાળના પ્રવાસમાર્ગની ઝાંખી થાય છે તેમ આજના રત્નાગિરિ અને ઠાણા જેવા પ્રદેશોની ઐતિહાસિકતા જણાય છે. ભૂજાના બળ પર મુસ્તાક રહેનાર કુમાર એ વાત દીવા જેવી સ્પષ્ટ દર્શાવે છે: આત્માની ઓળખ અને આત્મશક્તિ પર અવલંબન. આત્માની અમરતા માનનાર માટે સાચું બળ એ જ ગણાય. વિદ્યાસિદ્ધિની વાત એટલે Knowledge is power–અર્થાત્ જ્ઞાન એ મ્હોટી શક્તિ છે–નું જ રૂપક છે. એક રીતે આ પ્રદેશમાં શ્રીપાલકુમાર પોતાની પૂર્વ કરણીના ફળ લણે છે અને એ અનુસાર સુખદુ:ખ અનુભવે છે. ' હસતાં બાંધેલ કર્મ, રડતાં પણ છૂટે નહિ ' એ વાતનો સાક્ષાત્કાર ડગલે ને પગલે થાય છે. નિકાચિત કર્મો તો ભોગવ્યે જ છૂટે એ વાત વધુ પ્રસંગો-માં જોવાની મળે છે, પણ ધર્મવાસિત અંતર થયેલું હોવાથી, સમતાથી ભોગવાય છે એટલે એ કર્મપુંજ ઓછો થાય છે, એમાં નવાનો ઉમેરો નથી થતો.

શ્રીપાળ અને ધવલશેઠનો યોગ એ સજ્જન અને દુર્જનના સમાગમ જેવો જણાય છે. એકમાં ચંદનની સુવાસ છે જ્યારે બીજામાં લસણની દુર્ગંધ છે. ઉભય પોતાના સ્વભાવ ચૂકતા નથી ! નામ શ્રીપાલ અર્થાત્ શ્રી=લક્ષ્મી અને પાળ=પાળક યા સંચય કરનાર, છતાં એ પ્રતિ જરાપણ રાગ ધરતો નથી. કેવલ પરમાર્થી જીવન ગાળે છે; જ્યારે નામ ધવલ હોવા છતાં કામ કાળા કરે છે ! એક માનવ ભવ સાધી જાય છે જ્યારે બીજો છતી સામગ્રીએ મનુષ્ય જિંદગી હારી જાય છે. ધર્મથી સુવાસિત હૃદય, પરોપકાર વૃત્તિથી જોતજોતામાં કેવી પ્રગતિ સાધે છે એ અહીં જોવા મળે છે. કોઇનું બૂરું ન ચિંતવવાની વૃત્તિ હોવાથી, મહાભયમાંથી પણ ઉગરી જાય છે. શૂળીનું વિઘ્ન સોયે સરે છે. પુરુષાર્થીને કંઈ જ અગમ્ય નથી એ ઉઘાડું દેખાય છે. ( ચાલુ )

## ઉપદેશક દુહા—

સ્ત્રી પિયર નર સાસરે, સંજમીયા થિરવાસ;
એટલા હોય અળખામણા, જો માંડે થિરવાસ.
ગાળ સહન કરીએ સદા, ગાળે ગુમડ ન થાય;
જે ગમાર જન ગાળ દે, મુખ તેનું ગંધાય.
સંપત ગઇ તે સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગયો અવસર આવે નહીં, ગયા ન આવે પ્રાણ.

# हमारा " चूर्णि " साहित्य

( ले० अगरचंद नाहटा–बीकानेर )

मूल आगमों की व्याख्या का सर्वप्रथम प्रारंभ निर्युक्तियों से होता है। उसके पश्चात् भाष्य एवं चूर्णियों का नम्बर आता है, पर ये व्याख्यायें सभी जैनागमों पर नहीं लिखी गई* । निर्युक्ति एवं भाष्य प्राकृत भाषा में ही लिखे गये तब चूर्णि संस्कृत एवं प्राकृत के सम्मिश्रण के रूप में अर्थात् चूर्णि में कोई शब्द व वाक्य संस्कृत का है तो कोई प्राकृत का।

**चूर्णियों का महत्त्व—**

प्राचीन जैनागमों के वास्तविक पाठ एवं अर्थ का निर्णय करने एवं रहस्य को हृदयंगम करने के लिये चूर्णियों का अध्ययन बहुत ही आवश्यक है। इनमें इतिहास एवं सामाजिक, धार्मिक, सांस्कृतिक एवं साहित्यिक वातावरण–अवस्था का भी सूक्ष्म सूचन मिलता है जो भारतीय इतिहास, समाज, भाषा, साहित्य एवं संस्कृति की दृष्टि से अत्यंत मूल्यवान है, क्योंकि जिस शताब्दी में इनका निर्माण प्रारंभ हुआ उस समय का भारत एवं जैन धर्म–समाज का इतिहास सर्वथा तिमिराछन्न–सा है। विशेषत: तत्कालीन जैन इतिहास के सम्बन्ध में तो हमारी जानकारी नहीं के बराबर है, अत: विविध दृष्टियों से महत्वपूर्ण इन चूर्णियों को प्रकाश में लाना हमारा सर्वप्रथम कर्त्तव्य है× ।

**प्रकाशन**—कुछ वर्ष पूर्व भी आचार्यश्री सागरानंदसूरिजी का ध्यान इनके प्रकाशन की ओर गया था और आपने ६ +चूर्णियों को प्रकाशित भी की पर इधर कइ वर्षो से फिर वह महत्वपूर्ण एवं आवश्यक कार्य स्थगित–सा प्रतीत होता है, अतः हमारे विद्वान् आचार्यो एवं मुनियों का और जैन ग्रन्थ प्रकाशन संस्थाओं का इस परमावश्यक कार्य की ओर ध्यान आकृष्ट करने के लिये यह लेख लिखा जा रहा है।

---

* जैसे कई सूत्रों पर केवल निर्युक्तियें ही मिलती है तो कईयो पर भाष्य ही। कई ग्रन्थों पर निर्युक्ति भाष्य नहीं पर चूर्णियें है। भाष्य तो कुछ ग्रन्थों पर ही है।

× दि. समाज में भी चूर्णियें पाइ जाती है, उन पर भी अधिकारी विद्वान् प्रकाश डालेंगे।

+ आचारांग, सूयगडांग, उत्तराध्ययन, नंदी, अनुयोगद्वार, दशवैकालिक।

चूर्णियों के अप्रकाशित होने एवं प्रतियां भी सर्वत्र सुलभ न होने के कारण इनका सांगोपाङ्ग अध्ययन अभी नहीं होने पाया। मेरी जानकारी के अनुसार इनके अभ्यासी ५–७ विद्वान् ही हैं अतः इनके प्रकाशन से हमारी जानकारी बहुत अधिक बढेगी एवं कई पाठों एवं अर्थों के सम्बन्ध में विवाद देखने में आता है उनका भी निर्णय करने का प्रशस्त मार्ग खुल जायगा।

कई वर्ष पूर्व जैसलमेर भंडार का अवलोकन करने के लिये जाने पर वहां चूर्णियों के सम्बन्ध में प्रकाश डालने का विचार उदय हुआ था। श्रीहरिसागरसूरिजी के पास जो लहीया था उससे भी श्रीजंबूसूरिजीने समग्र चूर्णियों की प्रतिलिपियें करवाइ हैं, मालूम हुआ, पर पता नहीं श्रीजम्बूसूरिजीने उनके प्रकाशन की ओर अभी तक दुर्लक्ष्य क्यों रख छोड़ा हो। आशा है कि आचार्यश्री अविलम्ब इनको प्रकाशित करने में प्रवृत्त होगें।

**रचनाकाल**—जैसा कि सूची से स्पष्ट है, सब से प्रथम एवं अधिक चूर्णियों के निर्माता श्रीजिनदासगणि हैं जो ८ वीं शताब्दी में हुवे हैं और १२ वी शताब्दी के पश्चात् की कोई चूर्णि नहीं मिलती, अतः चूर्णिकाल ८ वीं से १२ वी तक ४५० वर्ष का है यद्यपि चूर्णि नामक रचनायें कई पीछे की भी हैं पर वे टीका के *अर्थ में ही है। कइ चूर्णियों का समय एवं रचयिता का पत्ता नहीं चला उनका भी निर्णय हो सके तो ठीक हो।

इस लेख में यथाज्ञात चूर्णिसाहित्य की सूची दी जा रही है। यहां तक हो सका है इसे पूर्ण एवं प्रामाणिक बनाने का प्रयत्न किया गया है। फिर भी संभव है इस सूचि के अतिरिक्त और भी कोइ चूर्णि मिलती हो या उल्लेख मिलता हो, एवं कोई भ्रांति+ रह गयी हो, तो उस पर विशेष प्रकाश डालने का अधिकारी विद्वानों से निवेदन है।

इस सूची से आपके यह भी ज्ञात होता है कि एक ही चूर्णि के ग्रन्थाग्रन्थ-परिमाण ( श्लोकसंख्या ) के सम्बन्ध में काफी मतभेद है उनका निर्णय भी पाठ

* जैसे श्राद्धप्रतिक्रमण चूर्णि, प्रतिक्रमण चूर्णि ( श्रीसोमसुंदरसूरि ) आदि।

+ जैसे महानिशीथ एवं उपासगदशा की चूर्णिका जै. भं. सूची में निर्देश है पर सम्भवतः वे चूर्णियें नहीं है।

मिलान कर के करना आवश्यक है। समवायांग और ओघनिर्युक्ति चूर्णि का उल्लेख मिलता है पर प्रतियें प्राप्त नहीं है। यदि इनकी प्रतियें कहीं किसी को प्राप्त हो तो सूचित करने का अनुरोध है। कइ चूर्णियों की प्रतियें १–२ जगह ही मिलती है उनकी कइ प्रतिलिपियें करवा लेना आवश्यक है। अन्यथा उनके लुप्त–विच्छेद हो जाने की संभावना है।

**स्पष्टीकरण**—इस लेख में प्रतियों के लिये जो संकेत के रूप में सूचन किया गया है उनका स्पष्टीकरण इस प्रकार है।

बृ. बृहत् टिप्पनिका
लीं. लींबडी भंडार सूचि। ह. हमारे संग्रह में
भां. भांडारकर ओरियन्टल रिसर्च इन्स्टीट्युट, पुना
खं. खंभात, शांतिनाथ भंडारसूचि
जे. जेसलमेर भंडार, पं. पंचायती भंडार, उ. उल्लेख मु. मुद्रित

## चूर्णि साहित्य

| आगमनाम | परिमाण | कर्त्ता | रचनासंवत् | विशेष |
|---|---|---|---|---|
| **अंग—** | | | | |
| १. आचारांग चूर्णि | ग्रं. ८३०० बृ., | लीं. खं. | | मुद्रित |
| २. सूयगडांग चूर्णि | ग्रं. १०००० बृ., (प्रत १२०००) | लीं. | | मुद्रित |
| ३. समवायांग चूर्णि | ग्रं. ४०० (ज्ञानभण्डार प्रति २२९ पत्रावली में उल्लेख है) | | | |
| ४. भगवती चूर्णि | ग्रं. ३११४ बृ.(उ. ४०००) | | | अपूर्ण हमारे संग्रह में |
| ५. उपाशकदशा चूर्णि | ग्रं. १०१– | | | जैसलमेर प्रति नं.१०–३३३ |
| **उपांग—** | | | | |
| ६. जीवाभिगम चूर्णि | ग्रं. १५०० बृ., | | | जैन ग्रन्थावली में, पाटण में है |
| ७. जम्बूद्वीपपन्नति चूर्णि | ग्रं. १८७९ बृ., २०२३/१८२३/१९६० | भां. जे. | | ह. खं |
| **छेदसूत्र—** | | | | |
| ८. A. निशीथ चूर्णि सूत्रभाष्याणि | ग्रं. २८००० | जे. खं. | | मुद्रित |
| B. ,, ,, विशेष चूर्णि | | जिनदास महत्तर जे. | | |

९. A. बृहत्कल्प चूर्णि ग्रं. $\frac{१२७००}{१००००}$ बृ. $\frac{१०६००}{१४०००}$ भा. $\frac{१४०००}{(८७००-५३००)}$ खंभात १४७८७ लीं. कुछ मुद्रित

B. कल्पविशेष चूर्णि ग्रं. ३१००० बृ. ११०० खं.

१०. व्यवहार चूर्णि ग्रं. १२००० बृ. जे. १०३९० भां. १०२३० खं. १०३९१ लीं. जे, खंभात

११. दशाश्रुतस्कंध चूर्णि ग्रं. ४३२१ बृ. $\frac{२२२५}{२१६१}$ २३२५ भां. २२२५ खं. पा.

१२. पंचकल्प चूर्णि ग्रं. $\frac{३०००}{३१३६}$ बृ. २५०४ खं. ३१२५ लीं. जे., देवाचार्य जे. पं. खंभात लीं. जे. मुद्रित

१३. महानिशीथ चूर्णि जेसल भं. प्रति नं ६०-२४५

१४. A. जीतकल्पपेढ़ीया चूर्णि ग्रं. $\frac{१०००}{८००}$ बृ. सिद्धसेन मुद्रित

B. ,, बृहत ,, ग्रं. १३०० श्रीचंद्रसूरि (विषमपदव्याख्या) पाटण भं.

C. ,, लघु ,, जे. पं.

**मूल—**

१५. A. आवश्यक चूर्णि ग्रं. $\frac{१३६००}{१८४७४}$ बृ., १८००० भां. पा., जिनदास प्र. जे. खंभात

B. श्रावक प्रतिक्रमणसूत्र चूर्णि ग्रं. ४५९० विजयसिंह सं. ११८३

C. प्र. इरियावही चूर्णि ग्रं. १५०६ यशोभद्रसूरि सं. ११८३ सं.

१६. दशवैकालिक चूर्णि ग्रं. $\frac{७०००}{७९७०}$ बृ. लीं. जिनदास लीं. जे. मुद्रित

१७. उत्तराध्ययन चूर्णि ग्रं. $\frac{५९००}{५८५०}$ (गोवालिय महत्तर शिष्यकृत) मुद्रित लीं. जे. (वाणिजकुलकोडियगण वयरशाखा) उ. आवश्यक चूर्णि.

१८. ओघनिर्युक्ति चूर्णि $\frac{७०००}{}$ बृ. नास्ति

१९. पाक्षिकसूत्र चूर्णि जे. खं.

२०. नंदी चूर्णि ग्रं. $\frac{१५००}{२४२}$ भां. लीं. जिनदास, सं. ७३३ वर्षे कृता, मुद्रित

२१. अनुयोगद्वार चूर्णि ग्रं. $\frac{२२६५}{३०००}$ बृ. जिनदास महत्तर शाके ५९८ लीं. सं. जे. मुद्रित

२२. A. पर्युषणा कल्पसूत्र चूर्णि ग्रं. ७०० बृ. प्रति पाटण भं. सू. पू. ४०५

B. ,, ,, चूर्णि ११०० बृ.

**कर्मग्रन्थ—**

२३. कर्मप्रकृति वेदनादि ८ करण वाच्या चूर्णि ग्रं. ७००० मुद्रित

# સાત નયની દૃષ્ટાંતરૂપે ઘટના

પ્રયોજક : **મુનિરાજશ્રી પુણ્યવિજયજી ( સંવિજ્ઞપાક્ષિક )**

કોઇ પણ વસ્તુના યથાર્થ પરીક્ષા કરવામાં નયઘટના કરી શકાય છે. ઇતર અંશનો અપલાપ કે પ્રતિક્ષેપ કર્યા વિના વસ્તુના કોઈ એક સદંશનું ગ્રહણ કરે તે અપેક્ષાવિશેષનું નામ નય, એમ તેની શાસ્ત્રીય વ્યાખ્યા છે; અથવા વ્યુત્પત્તિથી જોઇએ તો '**ની**' ધાતુ દોરી જવું-લઈ જવું, તે પરથી નય એટલે આગળ ને આગળ વસ્તુસ્વરૂપ ભણી દોરી જાય-લઇ જાય તે નય અથવા નય એટલે નીતિ-ન્યાય એમ સામાન્ય પરિભાષા છે. અર્થાત્ પ્રમાણપુરસ્સર સન્ન્યાસસંપન્ન કથન તે નય અને શ્રી જિનપ્રણીત નય પણ સન્ન્યાસસંપન્ન ન્યાયાધીશની જેમ મધ્યસ્થ પરીક્ષા કરનારો હોઇ તેને નય નામ યથાર્થપણે ઘટે છે.

એટલે નયનો પ્રયોગ પરમાર્થ સમજવા માટે અને પામવા માટે જરૂર કરી શકાય. અર્થાત્ આત્મશ્રદ્ધાના અનુમાપનમાં, પરમાર્થપ્રાપ્તિના ઉપક્રમમાં, ભક્તિવિષયમાં કે ચરણ-સેવા આદિ વિષયમાં તેની યથાર્થ અર્થઘટના કરી શકાય અને તે પ્રમાણે શ્રી દેવચંદ્રજી આદિ મહાત્માઓએ કરેલ છે, માટે એમ કરવામાં કાંઇ દૂષણ કે વિરોધ જેવું નથી, એટલું જ નહિ પણ આત્માર્થી મુમુક્ષુને પરમાર્થ સમજવા માટે ને પામવા માટે તે પરમ ઉપકારી હોઇ પરમ પ્રશસ્ત અને રસપ્રદ છે.

સાત નયોમાંથી પ્રથમના ત્રણ નયો બાહ્ય નિમિત્ત સાધન છે, અને પછીના ચાર નયો અંતર ( ઉપાદાન ) સાધન છે.

**દૃષ્ટાંત**—જેમ એક સોનીને કંઠી ઘડવાની ઇચ્છા થઈ. જો તે પ્રબળ પરિણામી ન હોય તો સોનાને અભાવે વા સંયોગોના અભાવે કંઠીનું કાર્ય થઇ શકતું નથી, પણ જ્યારે પ્રબળ ઇચ્છા થાય છે ત્યારે તનતોડ પ્રયત્ન કરીને કાર્ય કરવા ઉત્સુક બને છે. જેથી કાર્ય કરવાની દૃઢ ઇચ્છા-સંકલ્પ તે 'નૈગમ નય'. નિગમ શબ્દનો અર્થ સંકલ્પ પણ થાય છે. સંકલ્પ માત્રનો વિષય કરવાવાળો નૈગમ નય કહેવાય છે. કાર્ય કેમ કરવું

---

२४. शतक चूर्णि ग्रं. २३८० बृ. २२००/३८०० जे. चंद्र महत्तर मुद्रित

२५. सत्तरि चूर्णि (बृ. नास्ति) मुद्रित

**प्रकीर्ण—**

२६. आद्य पंचाशक चूर्णि ग्रं. ३३०० बृ. यशोदेव सं. ११७२ बृ.

२७. चैत्यवंदन चूर्णि ग्रं. ८४० यशोदेव सं. ११७४ जे. नं. १७० पाटण भं. सू. पृ. ८८

२८. वंदनक चूर्णि ग्रं. ७२७ बृ.

२९. प्रत्याख्यान चूर्णि

તેનું સંપૂર્ણ જ્ઞાન નથી ( ગમ નથી ) છતાં પ્રબળ અને સારી ઇચ્છા જ એને કાર્ય તરફ દોરે છે-પ્રેરે છે-લઇ જાય છે. સારી પ્રબળ ઇચ્છા તે નૈગમ નય. તે ઇચ્છાની પ્રેરણાથી વા પાવરથી સાધનસામગ્રી( એરણ, હથોડી, અગ્નિ વિગેરે )નો સંગ્રહ કરતો જાય તે 'સંગ્રહ નય' પહેલો નય બીજા નય સુધી કાર્યનો સાધક સહાયક થાય તો તે નય. તેમ ન થાય તો પહેલો નય તે નયાભાસ બને છે. એમ ત્રીજાને, ત્રીજો ચોથાને પરંપરાએ સહાયક બને, આગળ લઈ જનાર પ્રેરક બને ત્યારે ત્યારે પ્રેરક બનનાર પાછળનો નય, નય કહેવાય; પરંતુ જયારે જયારે વા જયારથી પ્રેરક બનતો અટકી જાય ત્યારે ત્યારે તે તે નય નયાભાસી ( નિષ્ફળ પરિણામી ) બનતો જાય. હવે સાધનસામગ્રી તૈયાર થઇ જાય ત્યારે 'વ્યવહાર નય' કહેવાય. આ ત્રણ નય વ્યવહારના વા નિમિત્ત કારણના નયો કહેવાય છે. વ્યવહારના છ ભેદ છે. શુદ્ધ, અશુદ્ધ, શુભ, અશુભ, ઉપચરિત, અનુપચરિત આ છમાંથી જે વ્યવહાર ( સાધન-સામગ્રી ) પોતાની પ્રબળ પ્રેરણાથી ઉપાદાનને જાગ્રત કરીને સહાયક બને તો જ શુદ્ધ વ્યવહાર કહેવાય; નહિંતર અશુદ્ધ વ્યવહારના નામમાં આવીને વ્યવહારનયાભાસ બને છે. શુદ્ધ વ્યવહાર એટલે ઉપાદાનને સર્વ પ્રકારે સહાયક બને તે.

વ્યવહારની પૂર્ણતા થતાં ઉપાદાનસ્વરૂપ સુવર્ણની હાજરી થઇ તે 'ઋજુસૂત્ર નય.' ઋજુ એટલે સરળ અને સૂત્ર એટલે કાર્ય.

કુશળ કારીગર સુંદર સાધનોથી હજારો વર્ષ પર્યંત પ્રયત્ન કરે પણ સુવર્ણ વિના કંઠી થાય નહિ. તેમજ શુદ્ધ સુવર્ણ હજારો વર્ષ એરણ ઉપર પડી રહે છતાં કુશળ કારીગર વિના કદિ પણ કંઠી થાય જ નહિ. અર્થાત્ નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ એ બન્નેનું સમન્વયપણું વા સહકારીપણું થાય ત્યારે જ કાર્યની સિદ્ધિ થાય છે. સોનું ગાળી, ઢાળ પાડી, ઝીણા તાર કરી નાના આંકડા બનાવે ત્યારે જે કાર્ય થવાનું તે શબ્દમાં આવી જાય અર્થાત્ આ કંઠી થાય છે, એમ કાર્યની પ્રત્યક્ષતા થાય તે 'શબ્દ નય'.

કાર્ય સમ્યક્ પ્રકારે અભિરૂઢ ( પરિણતિ પામે ) અર્થાત્ કાર્યની સંપૂર્ણતા પહેલા થોડુંક ઓપવા વિગેરે બાકી રહે; ત્યારે 'સમભિરૂઢ નય' થાય, અને કાર્ય સંપૂર્ણપણે આપી પૉલીશ થઇ કંઠી તૈયાર થાય ત્યારે એવંભૂત નય જેમ છે તેમ કાર્યની પૂર્ણતા તેને 'એવંભૂતનય' કહેવાય.

આ સાતે નયનું સ્વરૂપ દૃષ્ટાંત ઉપર ઘટાવીને હવે મૂળરૂપમાં તેનો ખ્યાલ કરીએ—

**આંતર સ્વરૂપ**—૧. અનાદિકાળના સંસાર પરિભ્રમણ કરતાં અવ્યક્તપણે વા ઓઘદૃષ્ટિએ પણ સદ્‌ગુરુની ઉપાસના કરતો અને અકામ નિર્જરા કરતો કરતો આત્મા જ્યારે ૭૦ કોડાકોડી સાગરોપમ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી એક કોડાકોડીમાં આવી યથાપ્રવૃત્તિકરણ સુધી પહોંચ્યા પછી પૂર્વે અનેક ભવમાં અવ્યક્તપણે પણ સેવેલાં સદ્‌ગુરુની ઉપાસનાથી અંતરમાં જે જે સંસ્કારો પડયા હોય તે દૃઢિભૂત થઇને પરમાર્થમાર્ગ પામવાની સાચી-પ્રબળ ઇચ્છા-જિજ્ઞાસા થાય. સંસારના અનંત મોહવર્ધક સાધનોમાં શરીર, ધન, સ્ત્રી, કુટુંબ એ ચાર સર્વોત્કૃષ્ટ મુખ્ય સાધનો છે, તેને મેળવવામાં, સાચ-

વવામાં અને ભોગવવામાં જે પ્રીતિ છે, તેના કરતાં પ્રબળ પ્રીતિ પરમાર્થને પામવામાં થાય. આવી પરમાર્થ પામવાની સાચી અને પ્રબળ જિજ્ઞાસા થાય જેમાં સરળતા, સજ્જનતા, પ્રમાણિકતા અને નિઃસ્વાર્થતાદિ ગુણો પ્રગટે. આવી નિર્મળ જિજ્ઞાસા અર્થાત્ પૂર્વ સંસ્કારની પ્રબળ જાગ્રતિ થવાથી પરમાર્થની તીવ્ર ઇચ્છા( મુમુક્ષુ દશા ) તે 'નૈગમનય ' ની દૃષ્ટિ કહી શકાય.

૨. પરમાર્થમાર્ગ પામવાની તીવ્ર જિજ્ઞાસા થયા પછી કષાયની મંદતા થતાં પૌદ્ગલિક ભાવો તરફ ઉદાસીનતા થવાથી અંતરાત્માની નિર્મળતા થતાં સદ્ગુરુની શોધ કરતાં અંતરદૃષ્ટિ જાગૃત થવાથી સત્પુરુષને અંતરદૃષ્ટિથી વાસ્તવિકપણે ઓળખીને, શ્રદ્ધાથી તેની ઉપાસના કરતાં ન્યાય, પ્રમાણિકતા, ઉદાસીનતા, સહિષ્ણુતા, સેવાભક્તિ, સરળતા, નિષ્પક્ષપાત વૃત્તિ, સતશાસ્ત્રવાંચન-વિચાર વિગેરે આત્મિક ગુણોનો સંગ્રહ કરતો જાય તે 'સંગ્રહ નય'ની દૃષ્ટિ કહી શકાય.

૩. મતાગ્રહથી મુક્ત થઇને સદ્ગુણપ્રેમી બની સદ્ગુરુની આજ્ઞાએ સત્ સાધનોદ્વારા સન્માર્ગની ઉપાસના કરવાથી અંતરત્યાગ, અંતરવૈરાગ્ય, અડગ શ્રદ્ધા, અનન્ય ભક્તિ, અભિગ્રાહિક મિથ્યાત્વ ત્યાગ, કષાયની ઉપશાંતિ અને આત્માને સ્વાનુભવ કરવામાં પરમ સહાયક સુવિચારશ્રેણી વિગેરે સમ્યક્ત્વ સ્થિતિને પ્રાપ્ત કરાવનાર આત્મિક ગુણોની પ્રાપ્તિ થાય તે 'વ્યવહાર નય'ની દૃષ્ટિ કહી શકાય. આ **સદ્વ્યવહારથીજ સમ્યક્ત્વ**ની પ્રાપ્તિ થાય છે.

૪. ઉપરોક્ત સદ્વ્યવહારથી અનંતાનુબંધી કષાય તથા ત્રણ મોહનીય એ સાત પ્રકૃતિઓનો ક્ષય વા ક્ષયોપશમ કરી આત્માની વિશુદ્ધિ થવાથી સ્વસ્વરૂપની પ્રાપ્તિ થાય, આત્મદર્શનની ઝાંખી થાય અર્થાત્ આત્માને આત્માનો અનુભવ થાય તે શુદ્ધ સમકિત વા 'ઋજુસૂત્ર' નયની દૃષ્ટિ કહી શકાય.

૫. આત્માની વિશુદ્ધિ થવાથી ઉત્તરોત્તર આત્મશ્રેણીએ ચડતાં ઘાતિ કર્મનો ક્ષય કરવાની અતિ વિશુદ્ધ દશારૂપ ક્ષપકશ્રેણીએ ચડતાં કેવલજ્ઞાન સ્વરૂપની પ્રાપ્તિ શબ્દગમ્ય થવાથી તે 'શબ્દ નય'ની દૃષ્ટિ કહી શકાય.

૬. ઘાતિ કર્મને ક્ષય કરવાની અંતિમ શક્તિ બારમા ગુણસ્થાને તે 'સમભિરૂઢ નય'ની દૃષ્ટિ કહી શકાય.

૭. અને જેમ છે તેમ આત્માની પૂર્ણ નિવારણ દશા તે 'એવંભૂત નય'ની દૃષ્ટિ.

ટૂંકામાં અંતરંગ કાર્યરૂચિ તે નૈગમ, તત્ કારણ સંગ્રહ–સમ્યક્ગ્રહણ તે સંગ્રહ, તેનો સમ્યગ્ વ્યવહાર પ્રયોગ તે વ્યવહાર, આમ સત્ કારણોનો સમ્યગ્ વ્યવહાર કરતાં કાર્ય થવાની સન્મુખતા–હાજરપણું થાય તે ઋજુસૂત્ર, કાર્યનો અંશ પ્રગટ થાય તે શબ્દ, કે જેથી કાર્ય થવા માંડયું. એમ યથાર્થ અર્થમાં શબ્દપ્રયોગ કરી શકાય. કાર્યના ઉત્તરોત્તર અધિકાધિક અંશ પ્રગટ થતાં થતાં યાવત્ પૂર્ણ કાર્યમાં એક અંશ ન્યૂનતા–ઊણાપણું રહે ત્યાં સુધી સમભિરૂઢ અને સંપૂર્ણ કાર્યનું પ્રગટપણું તે એવંભૂત.

# યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક

( ૨ )

લેખક—ડૉ૦ ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા. M. B. B. S.

( અનુસંધાન પૃષ્ઠ ૧૭૧ થી શરૂ )

“ યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લિયો;
વનવાસ લિયો મુખ મૌન રિયો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.
મન-પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠ જોગ પ્રયોગ સુતાર ભયો;
જપભેદ જપે તપ ત્યોંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.
સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મતમંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
અબ કયોં ન બિચારત હે મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં;
બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે,
કરુના હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરુગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્ગુરુ ચર્ન સુપ્રેમ બસેં,
તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં.
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમઘનો. ”

ઇત્યાદિ. શ્રીમદ્ રાજચંદ્રજી

---

આ સાત નયોમાંથી ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ચાર નયો અનુક્રમે થોડા અંશ વ્યક્ત, બહુ અંશ વ્યક્ત, બહુતર અંશ વ્યક્ત અને સર્વ અંશ વ્યક્તને માનનારા ભાવ નય કહેવાય છે, બાકીના ત્રણ નય વ્યક્ત સ્વભાવે નથી જેને દ્રવ્ય નય કહેવાય છે. કેટલાક ઋજુસૂત્રને દ્રવ્યમાં ગણે છે, પરંતુ તે અપેક્ષાકૃત હોઈ વિરોધને સ્થાન નથી. દુઃષમ કાળમાં દિવાકર સમાન પ્રખર તાર્કિક શ્રી સિદ્ધસેન દિવાકરજી ઋજુસૂત્રને ભાવનયમાં ગણે છે. નયનું સ્વરૂપ અનેક દૃષ્ટિએ વિચારી શકાય છે. એક બીજાનો વિરોધ શમાવવામાં પણ આનો જ ઉપયોગ થઇ શકે છે તે વિષે જિનાગમમાં ઘણું કથન છે. શ્રી જિનભગવાને નય-સ્યાદ્વાદનું સ્વરૂપ એટલા જ માટે-રાગદ્વેષના ઉપશમ માટે જ ઉપદેશ્યું છે.

વાચક સજ્જનો હંસચંચુ ન્યાયે આમાંથી સાર-પરમાર્થને ગ્રહણ કરશે. આ શાસ્ત્ર પદ્ધતિએ નયનું સ્વરૂપ નથી; શાસ્ત્રમાં પરકૃત આશય-અપેક્ષા સમજવા માટે જે માપ ભરવાની પાલી આદિનું દૃષ્ટાંત આપેલું છે. તથાપ્રકારે આ નથી, કિન્તુ આત્મશ્રદ્ધાનું અનુમાપન સમજવા દૃષ્ટાંતરૂપે આ નયઘટના છે. અને એ રીતે મહામુનીશ્વર શ્રી દેવચંદ્રજીએ શ્રી ચંદ્રપ્રભ જિનસ્તવનમાં પ્રભુની ઉત્સર્ગ અપવાદ સેવામાં નય ઘટના કરી બતાવી છે. તેને અનુસરી એક વિદ્વાન્ સદ્ગૃહસ્થ તરફથી નોંધ જાણવા મળેલ તેમાં યથામતિ પ્રાસંગિક અને બીજું છુટક ઉમેરી સદર લેખ તૈયાર કરવામાં આવ્યો છે. આ લેખમાં વિરોધને લેશ પણ સ્થાન હોય તેમ માનતો નથી, કિન્તુ આત્માર્થ-પરમાર્થ સમજવાને પ્રેરકરૂપ એક રસપ્રદ વસ્તુ છે તેમ વિચારકગવેષકોને જણાઈ આવશે.

**સંત આશ્રય પર ખાર ભાર**

આમ સંતચરણના આશ્રય વિના સમસ્ત સાધન-ક્રિયાદિ પરમાર્થે નિષ્ફળ ગયા છે, વંચક બન્યા છે, ઠગનારા બન્યા છે. **ભાવયોગી** એવા સાચા સત્પુરુષનો-**ભાવસાધુનો** આશ્રય કરવામાં આવે તો જ અવંચક યોગ, અવંચક ક્રિયા ને અવંચક ફલ થાય. એટલા માટે જ અત્રે મહાત્મા શાસ્ત્રકારે '**સાધુને આશ્રીને-સંતનો આશ્રય કરીને,**' એ શબ્દો પર ખાસ ભાર મૂકયો છે.

**વંચક કેમ થયા?**

કારણ કે આ અવંચક ત્રિપુટીની પ્રાપ્તિ થયા પૂર્વેના જીવને જે જે યોગ થયા છે, જીવે જે જે ક્રિયા આચરી છે, જીવને જે જે ફલ મળ્યા છે, તે બધાય ઉપર બતાવ્યા પ્રમાણે **વંચક**-છેતરનારા થયા છે; મૂળ આત્મલક્ષ્યથી ચૂકાવનારા હોઇ લક્ષ્ય વિનાના બાણ જેવા થયા છે! કારણ કે જીવને કદાચ **સત્પુરુષ-સદ્‌ગુરુનો** સમાગમ-યોગ થયો હશે, પણ તેને તે સ્વરૂપે નહિ ઓળખવાથી, તે વંચક થયો છે, ફોગટ ગયો છે. તેમજ અનંત સાધન* ક્રિયા પણ જીવે અનેક વાર કરી હશે, પણ તે તથારૂપ ઓળખાણ વિના અને સાધ્યરૂપ લક્ષ્યને જાણ્યા વિના; એટલે તે પણ વંચક થઇ છે, ઇષ્ટ કાર્યસાધક થઇ નથી, ઉલટી બાધક થઈ છે! **સાધન** હતા તે ઊંધી સમજણને લીધે અથવા મમત્વને લીધે **બંધન** થઇ પડ્યા છે! અને આમ ફલ પણ વંચક થયું છે. સંતશિરોમણિ **શ્રીમદ્ રાજચંદ્રજીએ** સાચું જ કહ્યું છે કે—

**સાધન તે બંધન!**

"અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન.
સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.
સૌ સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય?"—શ્રીમદ્ રાજચંદ્રજી

---

* "संपुण्णावि हि किरिया भावेण विणा ण होंति किरियत्ति ।
णियफलविगलत्तणओ गेवज्ज उववायणाएणं ॥"

શ્રી હરિભદ્રાચાર્યવર્યકૃત શ્રી પંચાશક શાસ્ત્ર

**અર્થાત્—સંપૂર્ણ ક્રિયા** પણ **ભાવ** વિના ક્રિયા જ **નથી હોતી**, કારણ કે તેના નિજ ફલનું વિકલપણું છે. અત્રે ગ્રૈવેયક ઉપપાતનું દૃષ્ટાંત છે: આ જીવ અનંતી વાર ગ્રૈવેયકમાં ઉપજ્યો છે, અને સંપૂર્ણ સાધુ ક્રિયાથી જ ત્યાં ઉપજવાનું થાય છે. આમ અનંત વાર સંપૂર્ણ સાધુક્રિયાના પાલન છતાં આ જીવ રખડ્યો, તે જ એમ સૂચવે છે કે તે તે ક્રિયા વંચક હતી, ભાવવિહોણી પરમાર્થશૂન્ય હતી.

આવા વંચક યોગ, ક્રિયા ને ફલ દૂર થઇ, અત્રે આ પ્રથમ **મિત્રા** દૃષ્ટિમાં વર્તતા મુમુક્ષુ યોગીનો **અવંચક** યોગ–ક્રિયા–ફલની પ્રાપ્તિ (દ્રવ્યથી) થાય છે,–અને તે પણ **સંત-ચરણના શરણરૂપ આશ્રયને લઇને**, એ મુદ્દો ખાસ લક્ષમાં રાખવા યોગ્ય છે.

આ અવંચકત્રય પણ જેના નિમિત્તે હોય છે, તેનો ઉપન્યાસ કરતાં આચાર્યવર્ય **શ્રીહરિભદ્રસૂરિજી** કહે છે કે—

**" एतच्च सत्प्रणामादिनिमित्तं समये स्थितम् ।**
**अस्य हेतुश्च परमस्तथा भावमलाल्पता ॥ "**

અર્થાત્—આ અવંચકત્રિપુટી સત્પ્રણામાદિના નિમિત્તે હોય છે, એમ સમયમાં એટલે સિદ્ધાંતમાં સ્થિત છે; અને આ સત્પ્રણામાદિનો પણ પરમ હેતુ તથાપ્રકારે **ભાવમલની અલ્પતા** છે.

ઉપરમાં જે ત્રણ અવંચક કહ્યા, તેની પ્રાપ્તિ પણ કેવી રીતે થાય? કયા નિમિત્ત કારણથી થાય? તે અહીં બતાવ્યું છે. **સત્પુરુષ**, સાચા સાધુગુણસંપન્ન સાધુપુરુષ પ્રત્યે વંદન, નમન, વૈયાવચ્ચ, સેવા–શુશ્રૂષા વગેરે નિમિત્તથી તે અવંચકની પ્રાપ્તિ હોય છે.

પ્રથમ તો **સદ્ગુરુ સત્પુરુષનો–સાચા સંતનો જોગ થતાં**, તેના પ્રત્યે વંદનાદિ કરવામાં આવે. એમ કરતાં કરતાં પરિચયથી તે સત્પુરુષના સ્વરૂપની ઓળખાણ થાય, એટલે **યોગાવંચક** નીપજે. પછી તેની તથારૂપ ઓળખાણ થયે, જે તેના પ્રત્યે વંદન, નમસ્કાર, વૈયાવચ્ચ વગેરે ક્રિયા કરાય, તે **ક્રિયાવંચકરૂપ** હોય. અને સત્પુરુષ, સાચા **ભાવસાધુ** પ્રત્યેની તેવી વંદનાદિ ક્રિયાનું ફળ પણ **અમોઘ–અચૂક** હોય, એટલે **ફલાવંચક** હોય. આમ આ બધાનું મૂળ સાચા ભાવાચાર્યરૂપ **સદ્ગુરુ** સત્પુરુષની નિર્મળ ભક્તિ છે. યોગીરાજ શ્રી આનંદઘનજીએ ભાખ્યું છે કે—

" નિર્મળ સાધુ ભગતિ લહી, સખી૦ યોગ અવંચક હોય. સખી૦
કિરિયાવંચક તિમ સહી, સખી૦ ફલ અવંચક જોય. સખી૦ "

આવા પ્રકારે જ ઉપર કહેલા અવંચકત્રયની પ્રાપ્તિ હોય છે, એમ આપ્તપુરુષપ્રણીત સિદ્ધાંતમાં–આગમમાં દૃઢપણે સ્થાપવામાં આવ્યું છે, એવો સિદ્ધાંત નિશ્ચિતપણે પ્રતિષ્ઠિત છે, એવી શાસ્ત્રમર્યાદા છે. એ સિદ્ધાંત નિશ્ચયરૂપ હોઇ, કોઇ કાળે ફરે નહિં. સાક્ષાત્ સત્પુરુષ સદ્ગુરુના યોગે જ 'જીવનો કલ્યાણમાર્ગ–મોક્ષમાર્ગમાં પ્રવેશ થાય, એમ ત્રણે કાળમાં સ્થિતિ છે, એમ ત્રણે કાળમાં પરમાર્થ પામવાનો માર્ગ એક જ છે.

કારણ કે '**વિના નયનની વાત**'–એટલે કે ચર્મચક્ષુને અગમ્ય ને જ્ઞાનરૂપ દિવ્ય ચક્ષુને ગમ્ય એવી જે વાત છે તે '**વિના નયન**'–સદ્ગુરુની દોરવણી વિના પ્રાપ્ત થાય નહિ; અને જો સદ્ગુરુના ચરણ સેવે, તો સાક્ષાત્ પ્રાપ્ત થાય. જો તરસ છીપાવવાની ઇચ્છા હોય, તો તે છીપાવવાની રીત પણ ગુરુગમ વિના કદિ પ્રાપ્ત થાય નહિ,–એમ અનાદિ સ્થિતિ છે. અને તેવા પ્રકારે પરમ જ્ઞાની સત્પુરુષોએ ભાખ્યું છે—

"બિના નયન પાવે નહિં, બિના નયન કી બાત;
સેવે સદ્‌ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત.
બુઝી ચહત જો પ્યાસ કી, હૈ બુઝન કી રીત;
પાવે નહિ ગુરુગમ વિના, એહી અનાદિ સ્થિત." **શ્રી રાજચંદ્રજી**

"પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન,
હૃદયનયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન."
**શ્રી આનંદઘનજી**

અને એવા ઉત્તમ સાચા સાધુપુરુષની, ભાવયોગીરૂપ સાચા સદ્‌ગુરુની સંગતિનો લાભ પણ ક્યારે મળે? તેવો ઉત્તમ 'જોગ' ક્યારે બને? તેનું કારણ પણ અહીં કહ્યું કે—જ્યારે તેવા પ્રકારની ભાવમલની અલ્પતા થાય ત્યારે તેવો 'જોગ' જીવને બાઝે. જ્યારે માંહીનો–અંદરનો મેલ (આત્મમલિનતા) ધોવાઇ જઇને ઓછો થાય, ત્યારે તેવું ઉત્તમ નિમિત્ત મળી આવે. આવા 'પુણ્યપંડૂર' જ્યારે પ્રકટે ત્યારે સત્‌પુરુષનો સમાગમયોગ થાય.

"એહવો સાહિબ સેવે તેહ હજૂર, જેહના પ્રગટે રે કીધાં પૂન્યપંડૂર."
**શ્રી યશોવિજયજી**

"ચાહે ચકોર તે ચંદને, મધુકર માલતી ભોગી રે;
તિમ ભવિ સહજ ગુણે હોવે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે."
**શ્રી યોગદૃષ્ટિની સજ્ઝાય**

રત્નનો મલ જેમ જેમ દૂર થાય, તેમ તેમ તેની કાંતિ–ચળકાટ ઝળહળી ઊઠે છે; તેમ આત્માનો ભાવમલ–અંદરનો મેલ જેમ જેમ ધોવાતો જાય છે, તેમ તેમ તેની ધર્મ-પ્રાપ્તિની યોગ્યતારૂપ કાંતિ ખીલતી જાય છે, આત્મપ્રકાશ ઝળકતો જાય છે. આ અંગે પ્રશમરસનિમગ્ન **શ્રીમદ્ રાજચંદ્રજીનું** નિર્મલ વચનામૃત છે કે:—

"કલ્યાણને વિષે પ્રતિબંધરૂપ જે જે કારણો છે, તે જીવે વારંવાર વિચારવા ઘટે છે. તે તે કારણોને વિચારી મટાડવાં ઘટે છે, અને એ માર્ગને અનુસર્યા વિના કલ્યાણની પ્રાપ્તિ ઘટતી નથી. **મળ, વિક્ષેપ અને અજ્ઞાન** એ અનાદિ જીવના ત્રણ દોષ છે. જ્ઞાની પુરુષોનાં વચનની પ્રાપ્તિ થયે તેનો યથાયોગ્ય વિચાર થવાથી અજ્ઞાનની નિવૃત્તિ હોય છે. × × × સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પ પરિગ્રહ એ આદિ મળ મટવાનાં સાધન છે. જ્ઞાની પુરુષની અત્યંત ભક્તિ એ વિક્ષેપ મટવાનું સાધન છે."

આમ માંહેનો મળ ધોવાતાં, જેમ જેમ આત્મા નિર્મલ બને, તેમ તેમ તેનામાં સન્માર્ગ પામવાની પાત્રતા આવતી જાય છે, અને તે પાત્રતારૂપ લોહચુંબકથી આકર્ષાઇને સત્પુરુષનો જોગ તેને બને છે. (અપૂર્ણ)

(:)

# અપીલ

કાગળ તથા છાપકામની અસહ્ય મોંઘવારીને અંગે, આપ જાણો છો તેમ, "શ્રી જૈન ધર્મપ્રકાશ" માસિકને મોટી ખોટ ભોગવવી પડે છે, અને તે પડતી ખાદને પહોંચી વળવા માટે **"શ્રી જૈન ધર્મપ્રકાશ સહાયક ફંડ"** શરૂ કરવામાં આવ્યું છે. અત્યારપૂર્વે ઘણા ગૃહસ્થોએ અને ગ્રાહક બંધુઓએ સહાયની રકમ મોકલી આપી છે. "પ્રકાશ"નો બાર માસનો ખર્ચ અંદાજ રૂપિયા છ હજાર જેટલો થશે જ્યારે આવક લગભગ પચીસસો જેટલી થશે એટલે રૂા. સાડાત્રણ હજારનો મોટો ખાડો પૂરવાની ફરજ "પ્રકાશ"ના નિયમિત વાચકો, પ્રશંસકો અને ગ્રાહક બંધુઓ પર આવી પડે છે. અમે દરેક ગૃહસ્થને જુદો પત્ર ન લખતા આ દ્વારા વિજ્ઞપ્તિ કરીએ છીએ કે-તેઓ પોતાનો ફાળો સત્વર મોકલી આપે અને "પ્રકાશ"ને ખર્ચની ચિંતામાંથી અવશ્ય મુક્ત કરે. "પ્રકાશ" સહાયક ફંડની આવેલ રકમ અગાઉના અંકોમાં સ્વીકારાઈ છે, ત્યારબાદ જે રકમો મળી છે તે નીચે પ્રમાણે સાભાર સ્વીકારવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૫૭૭)= | અગાઉ સ્વીકારાએલ છે. | |
| ૧૦) | શાહ નાગરદાસ હકમચંદ | પાલનપુર |
| ૬) | શાહ હરખચંદ કુંવરજી | વઢવાણકેમ્પ |
| ૫) | શાહ કલ્યાણજી કાનજી હ. ધનબાઇ | વારાપધર |
| ૩) | શાહ મંગળદાસ ગિરધરલાલ | શિવરાજપુર—માઇન્સ |
| ૬૦૧)= | | |

## કન્યાકેળવણીની સુંદર સંસ્થા

આજે કેળવણીની અગત્ય સમજાવવાની કોઇપણને જરૂર નથી. કન્યાકેળવણી પણ આવશ્યક અને તેટલી જ જરૂરની વસ્તુ છે. આપણા સમાજ માટે અભિમાન લેવા જેવી હકીકત એ છે કે, મુંબઇખાતે "મુંબઇ અને માંગરોળ જૈન સભા" સંચાલિત **શ્રી શકુંતલા કાંતિલાલ ઇશ્વરલાલ જૈનગર્લ્સ હાઇસ્કૂલ** આ દિશામાં સારી પ્રગતિ કરી રહેલ છે. આજે તે સંસ્થામાં શ્રીમંત, મધ્યમ અને ગરીબ વર્ગની સાડી આઠસો કન્યાઓ લાભ લઇ રહી છે અને મેટ્રિક પર્યંતનો અભ્યાસ કરી શકવાની અનુકૂળતા છે. કેળવણીપ્રેમી શ્રીયુત કાન્તિલાલભાઇ આ સંસ્થાના વિકાસ પાછળ સારી જહેમત ઉઠાવે છે અને તેમની ઇચ્છા ૧૦૦૦ થી ૧૨૦૦ કન્યાઓને લાભ લેતી કરવાનો છે. આવી વિશાળ સંસ્થા ચલાવવા અને નિભાવવા ખર્ચ પણ સારા પ્રમાણમાં કરવો જોઇએ. શ્રીમંત અને કેળવણીપ્રિય જૈન સમાજ કોઇપણ ધાર્મિક અને સામાજિક સુંદર કાર્ય કરતી સંસ્થાને પોતાની જ ગણે છે, તો આશા છે કે, સમાજ આવી સંસ્થાને પૂરેપૂરું ઉત્તેજન આપી સંસ્થાના ઉત્કર્ષમાં પોતાનો વિશાળ ફાળો અવશ્ય આપશે.

Reg. No. B. 156

# ભરતેશ્વર બાહુબલી વૃત્તિ ભાષાંતર

## પુરુષ વિભાગ ૧–૨ ( સંપૂર્ણ )

' ભરતેસરબાહુબલિ 'ની સજ્ઝાય તો રાઇ પ્રતિક્રમણમાં હંમેશા બોલાય છે, પણ તેમાં દર્શાવાતા મહાપુરુષોનાં વૃત્તાંતો તમો જાણો છો ? ન જાણતા હો તો આ પુસ્તક મંગાવો. તેમાં ૬૦ મહાપુરુષોના જીવનવૃત્તાંતો સુંદર અને રોચક ભાષામાં વર્ણવવામાં આવ્યાં છે. કથાઓ મનપસંદ અને સૌ કોઇને ગમી જાય તેવી છે. અવશ્ય આ પુસ્તક વસાવો. ડેમી સાઇઝના પૃષ્ઠ લગભગ ચારસો, છતાં કિંમત માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો :—શ્રી જૈન ધર્મપ્રસારક સભા, ભાવનગર

---

## શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર ભાષાંતર

### પર્વ ૧ થી ૧૦ : વિભાગ ૫

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧ પ્રથમ ભાગ–પર્વ ૧–૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂ. ૩–૪–૦
૨ બીજો ભાગ–પર્વ ૩-૪-૫-૬ શ્રીસંભવનાથથી મુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો. કિં. રૂ. ૩-૪-૦
૩ ત્રીજો ભાગ–પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂ. ૧–૮–૦
૪ ચોથો ભાગ–પર્વ ૮–૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂ. ૩–૦–૦
૫ પાંચમો ભાગ–પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂ. ૨–૮–૦
( આ પાંચમો ભાગ હાલ શીલીકમાં નથી. )

---

## બે પ્રતિક્રમણ સૂત્ર ( મૂળ )

બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ તેમજ સૂત્રોનો સંક્ષિપ્ત ભાવાર્થ, સામાયિક લેવા પારવાની વિધિ, ચોવીશ તીર્થંકરોના નામો, વર્ણ અને લાંછન વિ. ઉપયોગી હકીકતનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાઈ તેમજ દેવસી પ્રતિક્રમણની વિધિ પણ આપવામાં આવેલ છે. કિંમત પાંચ આના.

લખો—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

---

## શ્રી પૃથ્વીચંદ્ર ચરિત્ર ( ગદ્યબદ્ધ )

પૃથ્વીચંદ્ર અને ગુણસાગરનો એકવીશ ભવનો સંબંધ આપણામાં સારી રીતે જાણીતો થયેલ છે. શંખરાજા ને કલાવતીના ભવથી પ્રારંભી એકવીશમા પૃથ્વીચંદ્રના ભવ પર્યંતનો વિસ્તૃત વૃત્તાંત આ ગ્રંથમાં કર્તાશ્રી પંડિત રૂપવિજયજીએ સુંદર રીતે ગુંથ્યો છે. કથા રસિક હોવાથી વાંચતાં આહ્લાદ ઉપજે છે. અંતર્ગત ઘણી ઉપદેશક કથાનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેત્રીશ ફોર્મની પ્રતની કિંમત માત્ર રૂ. ચાર, પોસ્ટેજ અલગ.

---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.